1st Cover Page


શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

નવેમ્બર - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-


# મનની વાણી

## 'કલ્પના'

ભગવાન શ્રી કૃષ્ણે ઉપદેશ આપ્યો ફળની ચિંતા કર્યા વગર તમો કર્મ કરતા રહો અને ફળ મને અર્પિત કરો. માણસે કહ્યું વાહરે વાહ કન્હૈયા તું તો બહુ જ ચતુર છે. તું શું અમને મૂરખ જાણે છે. આંબો અમે રોપીએ અને ફળ આવે એટલે કેરીઓ તને આપીયે. એવું નહી બને કર્મ અમે કરીશું તો ફળ પણ અમે જ ભોગવીશું. શ્રી કૃષ્ણના મોઢા ઉપર સ્મિત વેરાયું તેમણે કહ્યું ઠીક છે તમને યોગ્ય લાગે તેમ કરો. પોતાના કર્મના ફળ પોતે ભોગવી માણસ દુ:ખી થયો. એણે પ્રાર્થના કરી પ્રભુ અમારી ભૂલ થઈ અમને માફ કરો. શ્રી કૃષ્ણે કહ્યું ભૂલનો પણ દંડ તો ભોગવવો જ પડે. તમારા લીધેલા નિર્ણયમાં હવે કોઈ ફેરફાર થઈ શકે નહિ. માણસને દુ:ખી જોઈ પ્રભુને દયા આવી તેમણે કહ્યું હજી એક ઉપાય છે તમો સત્કર્મ કરતા રહો તો તમને સારા ફળની પ્રાપ્તિ થતી રહેશે અને સાચા મનથી મારૂં સ્મરણ કરતા રહેશો તો દુ:ખી થવાનો વારો નહિ આવે.

*- બ્રજચરણદાસ ગાંધી - કાનપુર*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ''આનંદ બજાર''

ફરી એકવાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ''આનંદ બજાર''માં ભાગ લેવા તથા ભાગ લેનારને પ્રોત્સાહન આપવા સૌ યુવાન ભાઈ-બહેનોને સહર્ષ આમંત્રણ.

**સ્થળ : લાડની વાડી, સી.પી. ટેન્ક, મુંબઈ - ૪૦૦ ૦૦૪.**

**તારીખ : ૪.૧.૨૦૦૯, રવિવાર**

**સમય : સાંજે ૪.૩૦ કલાકે થી**

આ આનંદ બજારમાં વિવિધ રમતો તથા વાનગીઓના અને ઘરેલું વસ્તુઓના પ્રદર્શન તથા વેંચાણના સ્ટોલ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. રમત ગમતના સ્ટોલના **રૂા. ૬૦૦/- તથા વાનગીના સ્ટોલના રૂા. ૩૦૦/- અને ઘરેલ વસ્તુના રૂા. ૬૦૦/-** ભરવાના રહેશે.

સારી વાનગી માટે ઈનામ રાખવામાં આવશે અને દરેક આવનાર વ્યકિતમાંથી ૧૦ લક્કી ડ્રો ના ઈનામ રાખવામાં આવશે.

**નામ નોંધાવવાની તારીખ ૨૫-૧૧-૨૦૦૮ થી ૫-૧૨-૨૦૦૮ સુધી નક્કી કરવામાં આવી છે.**

વહેલો તે પહેલો ના ધોરણથી નોંધવામાં આવશે.

**સંજય શાહ - મોબાઈલ નંબર - ૯૮૨૦૩૪૧૩૭૦**

સૌ ભાઈ-બહેનોને ઉત્સાહપૂર્વક સ્ટોલ નોંધાવી
કાર્યક્રમને સફળ બનાવવા ખાસ વિનંતી.

**મંત્રી - મંજુલ ધારીઆ**

**સંયોજક - સંજય શાહ**

# આલ્બમ એક આથનો

**તંત્રી સ્થાનેથી**

અમેરીકામાં એક સર્વે યોજાયો હતો. લોકોને પુછવામાં આવ્યું, ''તમારા ઘરમાં આગ લાગે તો તમે સૌથી પહેલાં શું ભેગું કરીને ઘરની બહાર ભાગો?'' પૈસા, દાગીના, બેન્ક બુક, શેરના કાગળો, સોના-ચાંદી, હીરા-મોતી ઉપરાંત એક ધ્યાનાકર્ષક વસ્તુ હતી જુના ફોટાના આલ્બમ. ૩૦ થી વધુ ટકા લોકોએ પોતાની સૌથી મહત્વની ચીજોમાં આલ્બમનો સમાવેશ કર્યો હતો. આલ્બમ એટલે વિતેલી સુખદ ક્ષણોની યાદો. સુખ ક્ષણોમાં જ આવે વર્ષોમાં નહી અને એ ક્ષણને કાયમ માટે ઝડપી લેવી એટલે કેમેરાની એક 'કલીક'. આપણે ફોટા સુખમાં જ પાડતા હોઈએ છીએ. દુઃખમાં કોઈ ફોટા નથી પાડતું. દીકરીની વિદાય વેળાનાં રડતાં ફોટા એ અપવાદ ખરા પણ એ આંસુમાં પણ એક સુખ જ સમાયેલું હોય છે. એ સુખ ભલે દીકરીનું હોય, હૈયું આપણું જ ઠરતું હોય છે. ટુંકમાં અત્યાર સુધીની જીંદગીમાં વિતેલી સુખદ ક્ષણોનો સંગ્રહ એટલે આલ્બમ, આ આલ્બમ જોવા બેસીએ ત્યારે એક એક ફોટો આપણને અતીતની સફરે લઈ જાય છે. પછી એ ફોટો હસતી નાનકડી દીકરીનો હોય કે પુત્રની પહેલી વર્ષગાંઠનો હોય. ઈટલી, સ્વીઝરલેન્ડના પ્રવાસનો હોય કે સ્કુલની ઈલોરા અંજટાની પીકનીકનો હોય. આ અતીતની સફર એટલી સુખદ હોય છે કે જો એ ક્ષણો વીતી ગયાનો અફસોસ ન કરીએ તો એ વીતેલી સુખદ ક્ષણ ફરીથી જીવી શકીએ. આથી જ કદાચ ઘણા બધા અમેરીકનોએ એને સૌથી વ્હાલી વસ્તુ ગણી હશે. અને


# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૮ | ૧૪-૧૧-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ



**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ / ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**

એમ જોઈએ તો એ એટલી અમુલ્ય પણ કહેવાય. આપણી આખી જીંદગીની દરેક સુખદ યાદોનો સંગ્રહ હોય એનું મુલ્ય ચુકવવા માટે તો એ જીંદગી ફરીથી જીવવી પડે.

જુના ફોટાનું આલ્બમ જેમ સુખદ યાદોનો ખજાનો છે એમ ધ્યાનથી જોઈએ તો એ આપણી વિતેલી જીંદગી અને આજનો આપણો આયનો પણ બની શકે. એક નજર જુના ફોટામાં રાખો અને બીજી નજર પોતાની જાતને આયનામાં નિહાળો ફરક લાગે છે ? લાગવાનો જ. આપણે રોજે રોજ બદલાઈએ છીએ. બદલાવ એ પ્રકૃતિનો નિયમ છે. હું મોઢા ઉપરની ઝુરીઓ કે સફેદ થયેલા વાળની વાત નથી કરતો. પણ શું બદલાવ સાચી દિશામાં છે ? આપણા આજના પરિપકવ ચહેરા પાછળ શું આપણું મુક્ત હાસ્ય અકબંધ છે ? યુવાનીની મુગ્ધતા, સપનાઓની ચમક, જીવન પ્રત્યેની આશા એના પ્રત્યેની શ્રધ્ધા અકબંધ છે ? શું બદલાયેલો આજનો 'હું' મને પોતાને ગમે છે ? શું મને મારા પોતાના વિકાસ માટે, મારા આજના વ્યક્તિત્વના વિકાસ માટે સંતોષ છે ? શું ત્રીસ વર્ષ પહેલાં મને જેવું થવું હતું એ હું બન્યો છું ? આ આયનો આપણને આલ્બમ દેખાડે છે, શું તમે તમારી જાત સાથે પણ ક્યારેક પ્રેમ કર્યો છે ? જવાબ હા હોય તો આજની આ ક્ષણને પણ એ આલ્બમમાં કેદ કરી લો. કાલે કદાચ આજના સંદર્ભમાં જાતને જોવાનો અને તોલવાનો મોકો મળે પણ ખરો.

જુના આલ્બમમાં અને ખાસ કરીને લગ્ન પછીના ૨૫ વર્ષ પછી જો લગ્નનું આલ્બમ જોવા બેસીએ તો ધ્યાન ખેંચાય એવો બદલાવ આપણા મિત્ર વર્તુળમાં જોવા મળે છે. લગ્ન બાબતમાં ખાસ આમંત્રિત ચહેરાઓ ક્યાંય ખોવાઈ ગયા હોય એવું લાગે છે. જુના મિત્રો ગુમાવીને આપણે બીજા ઘણા તાળી મિત્રો, થાળી મિત્રો બનાવી લીધા છે. આપણી દોસ્તી મર્સીડીસ કાર સાથે થઈ, કોકની ટાઈ સાથે થઈ તો કોકની મોટાઈ સાથે થઈ, કોકના નામ સાથે થઈ તો કોકના ઉંચા મુકામ સાથે થઈ. આલ્બમ આપણને આ બાબતનો અહેસાસ કરાવે છે. એ યાદ અપાવે છે આપણા છુટી ગયેલા મિત્રો, એમની નિર્દોષ મૈત્રી, નિખાલસ મૈત્રી જેની પાસે દીલ ખોલીને વાતો કરી શકતાં અને વખત આવે ખભે માથુ રાખીને રડી શકતાં. આલ્બમ આપણને કહી રહ્યું છે 'જા શોધી કાઢ એ જુના મિત્રોને, જીંદગીની સફરમાં જ્યાં તું એમને છોડીને આવ્યો છે ત્યાં પાછો જા કદાચ હજી એ લોકો તારા આવવાની રાહ જોતા ઉભા હશે. મળ એમને અને વાગોળ એમની સાથે અતીતના સંભારણાં.'

ઘણાં કપલને લગ્નનું આલ્બમ જોવું નથી ગમતું. કદાચ એમનો હસ્ત મેળાપ હૃદય મેળાપ સુધી ન પહોંચ્યો હોય. કદાચ એ લોકો એકબીજાને મળ્યા વગર બે પાટાની જેમ સમાંતર ચાલતાં ચાલતાં આજના મુકામ ઉપર પહોંચ્યા હોય, કદાચ એમને લગ્નનું સુખ જેટલું આલ્બમમાં દેખાય એટલું લગ્ન જીવનમાં ના દેખાતું હોય, કદાચ એમના લગ્ન જીવનના વીતી ગયેલાં વર્ષો કબાટમાં સુટ અને સાડી થઈને લટકતાં હોય. કદાચ કદાચ..... પણ આ કદાચનો ઉકેલ પણ આલ્બમમાં જ મળી શકે. જો તેઓ યાદ કરે પહેલી વાર નજર ટકરાયાની એ ક્ષણ અને ભુલી જાય રોજ થતી અહમની ટક્કર. જો તેઓ યાદ કરે પ્રથમ સ્પર્શનો એ રોમાંચ અને ભુલી જાય રોજ થતી હુંસાતુંસી, તકરાર, જો તેઓ યાદ કરે વણ કહે સંભળાઈ ગયેલી દીલની વાતો અને ભુલી જાય રોજ ચાલતાં વિષમ વાકબાણ. જો તેઓ યાદ કરે ફેરા વખતે અપાયેલા વચનો અને ભુલી જાય રોજ કહેવાતા કટુ વચનો, આલ્બમ પોકારી પોકારીને કહે છે ભુલી જા વીતી ગયેલા એ વર્ષો, ભુલી જા એ અહમનો ટકરાવ ચાલ ફરી શોધીએ એ રોમાંચ

એ ઉન્માદ, એ ખોવાયેલા પ્રેમની મુગ્ધતા, એ આંખોમાં આંજેલા પ્રેમની ચમક રીવાઈન્ડ કરી લે ફરી જીવી લે. આલ્બમ મોટા થઈને દુર થઈ ગયેલા આપણા બાળકોનો શૈશવકાળ અને બચપણ યાદ કરાવે છે. બાળકોની નિર્દોષ મસ્તી, એ નિર્મળ હાસ્ય, એમની સાથે વીતાવેલી સૌથી સુખદ પળોની યાદ અપાવે છે. આપણી લાડકી દીકરીને કરેલા ગાલ ઉપરના ચુંબનથી માથા ઉપરના ચુંબન સુધીની, બચપણથી યુવાનીની સફરના દરેક મોડની, હર મુકામની યાદ આલ્બમ આપણને કરાવે છે. મા-બાપથી દુર થયેલા દીકરા કે દીકરીને મા-બાપની હુંફ પ્રેમ અને લાગણીનો અહેસાસ પણ આલ્બમ જ કરાવે છે. કેટલાક કમનસીબ મા-બાપને અધવચ્ચે છોડી ગયેલા દીકરા કે દીકરીની સતત ઝુરતી યાદોને ચિત્રસ્વરૂપ આપવાનું કામ પણ આલ્બમ જ કરે છે. મા-બાપના મૃત્યુ પછી એમના આર્શિવાદ એમની હુંફ અને પ્રેમને યાદ કરીને એજ પ્રેમ બાળકોમાં વહેવડાવવાની પ્રેરણા પણ આ આલ્બમ જ આપે છે.

આ ઉપરાંત પણ આલ્બમ ઘણું બધુ કહી જાય છે. વિતેલા વર્ષોમાં આપણે શું ગુમાવ્યું અને શું મેળવ્યું, શું કપાઈ ગયું ને શું વધી ગયું.

નથુલાલ જેની મુછો કપાઈ ગઈ
બેલ બોટમની ઘેર કપાઈ ગઈ
લાંબા ચોટલા ને અંબોડા કપાઈ ગયા
મોટા બેલ્ટને બક્કલ કપાઈ ગયા
કાન ઉપર આવતાં ઝુલ્ફા કપાઈ ગયા
દુર સપના જોતી, દ્રષ્ટિ કપાઈ ગઈ
લાંબી દેખાતી જીંદગી કપાઈ ગઈ
પૈસા પાછળની દોટ કપાઈ ગઈ
સુટ સાથે પાનેતરની પ્રીત કપાઈ ગઈ
આંખોમાં પ્રેમનાં સપનાઓની ચમક કપાઈ ગઈ
મા-બાપની હુંફ કપાઈ ગઈ
સંતાનોના પ્રેમની દોર કપાઈ ગઈ
ને કોકની જીવાદોરી કપાઈ ગઈ

**- સામે જુના ફોટાની સામે શું વધી ગયું**

ફ્રેન્ચ કટની દાઢી વધી ગઈ
કમર અને પેટની સાઈઝ વધી ગઈ
આંખો ઉપર ચશ્માથી દ્રષ્ટિ વધી ગઈ
મોઢા ઉપરની ઝુરીઓ વધી ગઈ
વાળ ઉપર હેર ડાયની કાળાશ વધી ગઈ
બ્યુટી પાર્લરની ખેપ વધી ગઈ
વધુ જીવવાની ખ્વાઈશ વધી ગઈ
બીજાને અપાતી શિખામણ વધી ગઈ
ખાવા ઉપર ગોળીઓ વધી ગઈ
ગુલાંટ મારવાની ભુખ વધી (પુરુષો માટે)
અને છેલ્લે આલ્બમ દ્વારા સ્મૃતિઓને વાગોળવાની આદત વધી ગઈ

**- નિખિલ પરીખ**

# અમેરિકા આર્થિક કટોકટીની લપેટમાં

**- પંકજ કે. શાહ**

જે દિવસે ક્રિકેટની દુનિયાના શહેનશાહ સચિને શ્રી શ્રી ૧૨૦૦૦ રનનો જાદુઈ આંકડો પાર કરી ક્રિકેટ જગતમાં ભારતની આન, બાન અને શાન નો ડંકો વગાડયો તે જ દિવસે ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૦,૦૦૦ની કટોકટ નીચી સપાટી તોડી ૯૯૭૫ થઈ ગયો. જુલાઈ ૨૦૦૬માં ૧૦,૦૦૦ની બહાર નીકળેલ સેન્સેક્સ સતત વધતો વધતો ૨૧૩૦૦ની આસપાસ પહોંચી ગયો હતો. ફૂલગુલાબી તેજીના સોનેરી દિવસો હતા. ચારે બાજુ ખુશી, આનંદ અને લાવ-લાવનું વાતાવરણ હતું. રોજ સવાર પડે વિવિધ કંપનીઓના ભાવ અસાધારણ રીતે સતત વધતા જતા હતા. સારી-સારી કંપનીઓના ભાવ આસમાને પહોંચી ગયા હતા. શેરબજારમાં રમવાવાળો વર્ગ ખુશખુશાલ હતો. વિશ્લેષકો, ચાર્ટીસ્ટો, જાણકારો તેજી અને તેજીની જ વાતો કરતા હતા. મંદીનું ક્યાંય નામોનિશાન નહોતું. દેશના નાણાંપ્રધાન પણ વિવિધ ચેનલો ઉપર વટ પડે એમ સતત તેજી અને પ્રગતિના ગુણગાન ગાતા હતા. હવે તો ક્યારેય મંદી નથી એવા દિવા સ્વપ્નોમાં સહુ કોઈ રાચતા હતા ત્યાં અચાનક પાનખર ધસી આવી. બધુજ છિન્નભિન્ન થઈ ગયું. શેર બજાર જેનું નામ એ ક્યારેય કોઈનું સગુ થયુ નથી અને ક્યારેય કોઈને સગુ કરે નહિ. એમાં જે લપેટાય તેને ખુવાર કરીને જ છોડે. અત્યારે સવાલ તેજી-મંદીનો નથી. બજાર પટકાયુ તેથી શેરબજાર સાથે સંકળાયેલ હોય કે ન હોય બધાજ મંદીના વમળમાં સપડાયા છે.

આમ તો થોડા સમય પહેલાં જ ક્રુડ ઓઈલના સતત વધતા જતા ભાવ તથા સતત વધતો જતો ફૂગાવો શેર બજાર માટે ખતરાની ઘંટી સમાન હતા જ, પણ જ્યારે વક્કર તેજીનો હોય, ત્યારે આ બધા કારણો નજર અંદાજ થઈ જતા હોય છે.

પણ ૧૫મી સપ્ટેમ્બરે અમેરિકાની ચોથા નંબરની સૌથી મોટી ઈન્વેસ્ટમેન્ટ બેંક લેહમેન બ્રધર્સે નાદારી નોંધાવી તે ઘટના 'પડતા ઉપર પાટુ' નહિ પણ 'પડતા ઉપર હાથીઓના પગ પડે' તેવી સ્થિતિ સર્જી ગઈ.

આમ તો અમેરિકા પણ અફઘાનિસ્તાન સામેના યુદ્ધને કારણે આર્થિક રીતે બેહાલ થઈ ગયુ હતુ, પણ લેહમેન બ્રધર્સની પડતીના કારણે અમેરિકા રાતોરાત ખુવાર થઈ ગયુ. આર્થિક વિશ્વના ઈતિહાસમાં સૌથી દુઃખદ, અમંગળ અને અત્યાર સુધીની સૌથી મોટી પડતી એટલે ૧૫૮ વર્ષ જૂની કંપની લેહમેન બ્રધર્સનું પતન અમેરિકામાં સર્જાયેલ આર્થિક કટોકટીના પગલે સમગ્ર દુનિયા સ્તબ્ધ બની ગઈ છે. અને આખુય વિશ્વ આર્થિક કટોકટીની લપેટમાં ઘેરાવા લાગ્યુ છે.

૧૮૫૦માં સ્થપાયેલ લેહમેન બ્રધર્સ કંપની કોર્પોરેટ જગત માટે વિશાળ વડલાના ઝાડ સમાન હતી. વિશ્વના ઘણા દેશોમાં તેનું નેટવર્ક હતુ. વિશ્વની મોટાભાગની બેંકો તથા નાણાંકીય સંસ્થાઓને અડધી રાતે અહીંથી વ્યાજના ઉંચા દરે જેટલા નાંણાની જરૂર હોય એટલા મળી રહેતા. અમેરિકાના ઈતિહાસ તથા પ્રગતિમાં લેહમેન બ્રધર્સનું બહુજ મોટુ યોગદાન રહયું છે. ચૂંટણીનો સમય હોય, યુધ્ધ લડાતુ હોય, રાષ્ટ્રિય પ્રોજેકટ યા કટોકટી હોય લેહમેન બ્રધર્સ તરતજ અમેરિકન સરકારના પડખે રહેતી.

જેઓને વિશ્વના અર્થતંત્ર વિશે જાણવાની ઉત્કંઠા છે તેઓએ લેહમેન બ્રધર્સની ચઢતી અને પડતીનો રસપ્રદ ઈતિહાસ જરૂર વાંચ્યો હશે. અટપટી આર્થિક પટકથાના ઊંડાણમાં જેઓ ઉતર્યા હશે તેઓને કંપનીના આ હદે બુરા હાલ થઈ જવાના કારણો પણ જરૂર જાણ્યા જ હશે. એક સમયે જે કંપનીનો સિતારો બુલંદ હતો તે કંપનીએ પોતાની નાદારીની અરજીમાં કુલ દેવાની રકમ ૬૧૩ અજબ ડોલર નોંધાવી છે, જે અમેરિકન નાદારીના ઈતિહાસમાં સૌથી મોટી રકમ છે. જેને કારણે વિશ્વના બજારોમાં જબરી હલચલ મચી ગઈ છે.

અમેરિકામાં સર્જાયેલ આર્થિક કટોકટીના અનેક કારણો છે. ત્યાં નાગરિકોને વધુ પડતા અપાતા રાષ્ટ્રિય લાભો, વિવિધ ક્રેડિટ એજન્સીઓએ કરેલા ખોટા આશાવાદી સ્ટેટમેન્ટસ, લોન આપતી કંપનીઓના નિષ્ણાતો ખોટનો અંદાજ આપવામાં લાપરવાહ તથા ઓડિટર તરફથી પ્રામાણિક ચેકીંગ કરવાનો અભાવ.

અદ્યતન ટેકનોલોજીના કારણે વિશ્વના દેશો એકબીજાથી એકદમ નજદીક આવી ગયા છે. કોઈ એક ખુણામાં બનતી ઘટનાની અસર ખુણે ખુણામાં વર્તાય છે. કહેવાય છે કે જો અમેરિકાને છીંક આવી જાય તો દુનિયા આખીને શરદી થઈ જાય. અમેરિકાની નાંણાકીય કટોકટીની અસર વિશ્વના તમામ દેશો પર પડી છે.

આપણા વાડસોલ ગામમાં કોઈ ઘટના ઘટે તો એની અસર આપણને સહુને થાય કારણ એ આપણુ વતન છે. જો મુંબઈમાં કોઈ ઘટના બની જાય તો એની અસર પણ આપણને સહુને થાય કારણ મુબઈના નકશા ઉપર એક ધબકતુ બાલાસિનોર વસે છે. તેવી જ રીતે અમેરિકામાં આકાર લઈ રહેલી વર્તમાન ઘટનાઓની આપણને સહુને ચિંતા થાય કારણ અમેરિકાના નકશા ઉપર પણ એક જીવંત બાલાસિનોર રહેલું છે.

લેહમેનની નાદારી, મેરીલ લીન્ચની કટોકટી, એ આઈજીને બચાવવાના વલખા, મોર્ગન સ્ટેન્લીની ધ્રુજારી તથા ગોલ્ડમેન અને વોશિંગ્ટન મ્યુચ્યુઅલ વિ.ની. માંદગીને કારણે અમેરિકામાં ડરનું વાતાવરણ ઉદભવ્યુ છે. વિશ્વની આર્થિક વ્યવસ્થાના પાયા હચમચી ગયા છે. ભારતના અનેક ઉદ્યોગો ઉપર આની માઠી અસર પડશે.

સમગ્ર વિશ્વ આર્થિક વિટંબણાઓના સકંજામાં અટવાયુ છે. આ કટોકટીમાંથી બાહર નીકળવું ખૂબજ મુશ્કેલ છે. પણ અમેરિકા એ અમેરિકા છે. ખૂબજ શક્તિ શાળી અને નીડર રાષ્ટ્ર છે. આપણા દેશમાં મુર્ખ નેતાઓની અણઆવડતના કારણે નિર્દોષ નાગરિકો છાશવારે આંતકવાદનો શિકાર બને છે, જ્યારે અમેરિકામાં વર્ષો પહેલાં ૧૧મી સપ્ટેમ્બર વર્લ્ડટ્રેડ સેંટર ઉપર થયેલ આત્મઘાતી હમલા બાદ કોઈ આંતકવાદી આ રાષ્ટ્ર ઉપર હુમલો કરવાની હિંમત કરી શક્યો નથી. આ ઉપરથી એ દેશના નેતાઓની ભિતરી તાકાતનો અંદાજ લગાવી શકાય છે. અમેરિકા પોતાની તાકાતમાં અડીખમ છે, મગરૂર છે. આ પડકારનો સ્વીકાર કરી તેમાંથી માર્ગ કાઢવા એ પોતાની તમામ શક્તિઓ કામે લગાડશે.

અહીં શ્રી શ્રી ૧૨૦૦૦ રનોનો જાદુઈ આંક વટાવ્યા બાદ ક્રિકેટ જગતના બિગ બોસ અને ક્રિકેટ વિશ્વના સમ્રાટ સચિન તેડુંલકરે કહેલા શબ્દો યાદ આવે છે. 'સફળતા એ તો એક યાત્રા છે. તેમાં વિઘ્નો આવે તમારી ઉપર પથ્થરો પણ ફેંકાય. પરંતુ તમારે એ પથ્થરોને 'માઈલ સ્ટોન'માં ફેરવી દેવા જોઈએ.'

અમેરિકા એક પ્રચંડ શક્તિ શાળી અને સફળ રાષ્ટ્ર છે. જો એ કમજોર થશે તો વિશ્વના આંતકવાદીઓને છુટો દોર મળી જશે. પણ અમેરિકા ક્યારેય પીછેહઠ નહીં સ્વીકારે. તેની અવિરત સફળતાના માર્ગમાં આવેલ તમામ વિઘ્નોને ફગાવી દેવાની તાકાત અમેરિકામાં છે. આ તમામ પડકારોને 'માઈલ સ્ટોન'માં ફેરવી સફળતાની આગેકુચ જરૂર જાળવી રાખશે. અમેરિકાની આર્થિક કટોકટી સામેની લડતમાં આપણે સહુ તેને શુભકામના પાઠવીએ.

ઉત્સાહ અને મનોબળનો આધાર સુખ, શાંતિ, ઐશ્વર્ય અને સલામતી ઉપર નિર્ભર છે. આર્થિક કટોકટીના કારણે સુખઃશાંતિ, ચેન, સલામતી બધુજ અસ્તવ્યસ્ત થતુ જાય છે. પણ માનવીની આશા હંમેશ અમર હોય છે. આપણે સહુ અનિશ્ચિતતાના અંધકારમાં સપડાયા છીએ. લપટાયા છીએ. આર્થિક કટોકટીના અંધકારને દૂર કરે તેવા પ્રકાશના એક કિરણની પ્રતીક્ષા છે. સર્વ શક્તિમાન [illegible] વિશ્વના સર્વશક્તિમાન દેશને જરૂર ઉગારી લેશે.

# તમારી ભીતર છુપાઈ રહેલી પૂતનાનો નાશ : (સુબોધિનીજી ઉપર આધારીત લેખ) પૂતના એટલે અવિદ્યા

જ્યારે નંદરાયજી વાસુદેવજીને કર આપવા ગોકુળ પધારે છે, ત્યારે વાસુદેવજી જણાવે છે કે તમે ગોકુળ જાઓ. ગોકુળમાં કાંઈક ઉત્પાત થવાની સંભાવના છે, અને નંદરાયજી તરતજ ગોકુળ તરફ દોટ મૂકે છે. એ ગોકુળ પધારે છે ત્યારે પૂતના મરી ચૂકી હોય છે. અહીં લીલામાં વાસુદેવજી ગુરૂને સ્થાને છે. નંદરાયજી સેવક ને સ્થાને છે. લીલામાં કૃષ્ણના પ્રાગટ્યની સાથે-સાથે નંદરાયજીને ત્યાં માયા પણ પ્રગટ થઈ હતી. વાસુદેવજી ઠાકોરજીને નંદાલયમાં પધરાવીને માયા પોતાની સાથે લઈ આવ્યા. ગુરુજી બ્રહ્મસમ્બન્ધની દીક્ષા આપીને ઠાકોરજી પધરાવી આપે છે. તે વખતે માયાને ગુરૂજી પોતે પધરાવી દે છે. દરેક ગુરૂજીનું એ કર્તવ્ય છે કે સેવકને મંદિર તરફ દોટ મૂકવાને બદલે ઘર તરફ દોટ મૂકવા સમજાવે તો આપણી ભીતર છુપાઈ રહેલી જે અવિદ્યારૂપી પૂતના છે તેનો ઠાકોરજી નાશ કરી દેશે. પરંતુ કેવી રીતે ? તો સર્વસમર્થ ઠાકોરજીની આપણે ઘરમાં સેવા કરીશું તો આપણી અવિદ્યાનો એવી રીતે નાશ કરશે કે જેવી રીતે લીલામાં કૃષ્ણએ પૂતનાને મારી હતી.

પરંતુ જો તેમે તમારા ઠાકોરજીને છોડીને જ્યાં-ત્યાં ભટકશો અને ઘરમાં રહેલા ઠાકોરજીની એક નિષ્ઠાથી સેવા નહી કરો તો આ અવિદ્યારૂપી પૂતના તમારા હૃદયમાં ભક્તિ-ભાવના રૂપમાં બિરાજતા ઠાકોરજીનો નાશ કરી દેશે. જો હૃદયમાં રહેલા ભક્તિ-ભાવનો નાશ થઈ જશે તો પછી પુષ્ટિ-ભક્તિ કરવાની કોઈ જરૂર જ નથી. મહાપ્રભુજીએ ભક્તિમાર્ગ એટલે પ્રગટ કર્યો કે આપણે આપણા ઘરમાં ઠાકોરજીની સાથે જીવન જીવીએ. તો સેવામાં આપણે જેમ ભાવના કરીએ છીએ કે મંગળામાં યશોદાજી ઠાકોરજીને મંગલભોગ ધરે છે, રાજભોગ વખતે એવી ભાવના કરીએ છીએ કે ગોપ-ગોપી છાક લઈને પધારી રહ્યા છે. આવી રીતે ભગવતોત્સવમાં જેમ આપણે સારી ભાવના કરીએ છીએ તેમ પ્રભુએ જ્યારે પૂતનાને મારી ત્યારે ઠાકોરજીએ પણ એવી ભાવના કરી કે હું મારા ભક્તના અજ્ઞાનને મારું પરંતુ જ્યારે દરેક વૈષ્ણવ મંદિરમાં જવાને બદલે પોતાના ઘર તરફ દોડ લગાવે ત્યારે.

***સોનલ અલ્પેશ શાહ.***

# ‘આ મારી કલમ’

મને મારી નિંદર, કોક પાછી આપો !
નથી ઉંઘવા દેતી, આ મારી કલમ,
ઉંઘની ગોળીની ક્ષણ ભરની અસર !
ઝબકીને જાગું, યાદ આવે આ મારી કલમ. (૧)
કલમને સાથે આપે આ કાગળ,
જેના પર ગુંથાય મારી વિચાર માળા,
વિચારોને સું કહેવું ? વહેતી નદીની ધારા
કોઈ રચાય ક્ષણભરમાં, ને કોક યુગ સમાન. (૨)
આશીર્વાદ સમાન આ મારી કલમ,
જેણે જીવતદાન આપ્યું, ગયા બાદ !
તારી યાદને અમર બનાવે આ મારી કલમ,
મારી આ કલમને ના કોઈ નીરજીવ કહેશો. !
ખળખળ વહેતી, ગુંજલ કરતી, વાતો કહેતી, દીલને
આપની દીલાસો !
કલમ કેવી, તું કેવી નારી જાતીનું આ મીલને
સાંત્વન ને ખોટ પુરતી, મરહમનું ઈલાજ કરતી
આજ
‘આ મારી કલમ’ (૪)

***‘ચાંદશા’, ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# અનન્ય ભક્તિ

*' ભક્તિ અને તેય અનન્ય' ભક્તિની તિવ્રતા સૂચવે છે 'કિયા ત્રાજવે તોલુ' 'કિયા માપ દંડ લાવું' ' ના ચાવી ના તાળુ', 'સાગરથી ય ગહેરું', 'આભથી ય ઉંચુ', 'નવનીત સમ મૃદુ', 'ચોર ચોરી ના જાતુ' ના કોઈ લૂંટીને લઈ જાતું...ભક્તિ અને એય અનન્ય એવું મહામુલુ નજરાણું, કોઈ સદ્‌ભાગીને સાંપડે ! પરંતુ આપણા ભારત દેશમાં આવા ભક્તોની ખોટ નથી. આપણને થાય હું તો રોજ મંદિરે જાઉં છું. દર્શન કરવા, એ મારો નિયમ છે, તો કોઈ ભક્ત કહેશે હું. તો નિયમીત સેવા કરું છું, મારી સેવા બે ત્રણ કલાક ચાલે, તો વળી કોઈ ભક્ત કહેશે હું...આટલી માળા નિયમીત ફેરવું છું. પણ આગળ કહયું તેમ એનો તોલ કેમ કરીને કરશો ? એનો માપદંડ કેમ કરીને કરશો ?*

*'ભક્તિ ગહેના તન સાજે, મન સાજે માધોં નામે'.*

ભક્તિની તિવ્રતાએ તન સાજે અને મન માધોં નામે સાજે. હવે માધવ કોના પર રીઝે એ તરફ વળીએ.

ફ્રોઝન પૉઈંટ થાય ત્યારે પાણીનો બરફ બને...અતિશય ગરમીથી પાણી ઉકળવા માંડે, જેમ સોનાને ગરમીથી પીગાળીને પછી ઘાટ ઘડાય, લોઢાને અતિશય ગરમી આપ્યા બાદ તેને ટીપીને ઘાટ ઘડાય, એકસ્ટ્રીમતા એ પહોંચ્યા પછી જ તેની ગણના થાય છે. એમ આ ભક્તિ એવું ગહેનું છે, પરંતુ દરેક વખતે આમ નથી થતું ક્યારેક ભક્તનું નિર્મળ મન પણ માધોંને રીઝાવી શકે છે.

જેમકે 'કર્મા બાઈનો ખીચડો'. મા નાની કર્માને ઠાકુરજીની સેવા સોંપીને બહારગામ ગઈ અને કહીને ગઈ'. ઠાકોરજીને જીમાવીને પીછે તું જીમજે.' નિર્દોષ અને નિર્મળ મનની કર્માએ ખીચડી બનાવી ઠાકોરજીને ધરી અને પોતે બેઠી રહી, પરંતુ ઠાકોરજી તો ખીચડી ખાવા આવ્યા નહી. નાની કર્માએ જીદ પકડી'. ઠાકોરજી ખીચડો જીમી લે બાદમેં મેં ખાઉંગી', અને આ જીદ બે ત્રણ દિવસ ચાલી, કર્મા ભૂખી બેસી રહી આખરે ઠાકુરજીએ આ ભક્તની સામે નમીને ખીચડી ખાઈ લીધી. અને જ્યારે એની માએ આ વાત જાણી તો સાંચી જ ન માની.' સુદામાના મુષ્ટિક તાંદુળ પ્રભુજીએ પ્રેમે આરોગ્યા. વિદુર ઘેર ભાજી આરોગી અને શબરીના બોર ચાખેલા એઠાં હતા તોય પ્રેમથી આરોગ્યા, ભક્તો અને સંતોની નામાવલીની ગણના કેમ કરીને કરીએ સંત સખુબાઈ, સંત જનાબાઈ, ભક્ત નરસિંહ મહેતા, મીરાબાઈ, આ બધા સંતોની ભક્તિને અનન્ય ભક્તિ કહીશું, ગોરા કુંભારના પગની નીચે માટી ગુંદતા પોતાનું જ બાળક છુંદાઈ ગયું ને પ્રભુજીએ તેને સજીવન કર્યું, પ્રભુના નામમાં ખોવાયેલા ભક્તને તેના બાળકની ચીખ ન સુણાઈ, નરસિંહ મહેતાનો પ્રભુની રાસલીલા જોતાં મશાલથી અડધો હાથ બળી ગયો. આ ભક્તિની ચરમ સીમા. આ ભક્તિને અનન્ય ભક્તિમાં બીરદાવીશું અને વળી અષ્ટ સખાને કેમ ભૂલાય. નદીઓ તો ઘણી ઘણી, સાગરને જ મળે. સર્વે ધર્મના પંથ જુદા છતાંય દરેક ધર્મ પ્રભુજીની આરાધના કરે, કોઈ રામ કહે કોઈ શ્યામ કહે, કોઈ મહાવીર કોઈ બોલે અલ્લાહ તો કોઈ વાહે ગુરૂ, આમ ભક્તિ એ ભક્તિ જ છે. અને ભગવાન પણ એક જ છે. નામ રૂપ જુજવા, અંતે તો હેમનું હેમ'. બાલ ભક્ત ધ્રુવ વનમાં એક પગે ઉભા રહીને અગીયાર વર્ષ, અગીયાર મહીના, અગીયાર દિવસ, અગીયાર કલાક, અગીયાર મિનિટ અને અગીયાર સેકંડ તપ કર્યું ' ઓમનમો ભગવતે વાસુદેવાય' આ જપ કર્યો ત્યારે તેને પ્રભુજીએ દર્શન દીધા. જૈન ધર્મના તીર્થંકર મહાવીર સ્વામીએ ઝાડ નીચે બેસી ૬ વર્ષ તપની આરાધના કરી ત્યારે તેમને 'કેવળ જ્ઞાન' થયું ટાઢ, તાપ, ભૂખ, તરસ કશુંય તેમની અનન્ય ભક્તિમાં અવરોધ રૂપ ન થયું. એજ રીતેએ ભગવાન ઈસુને તારનો મુકુટ પહેરાવ્યો હાથ, પગમાં

અને છાતીમાં ખીલા ઠોક્યા અને પ્રભુની ભક્તિની એકસ્ટ્રીમીટી અનન્યતામાં તોલાય. મહાપ્રભુજી, એ એક ઉપરણો અને ધોતી સાથે અને ઉઘાડે પગે ઉપદેશ અને અષ્ટાક્ષર મંત્ર આપી જીવન વ્યતીત કર્યું પ્રભુપદ પામી આજે મહા પ્રભુજીને આપણે પૂજીએ છીએ.

'રાધારાની'નો અજોડ પ્રેમ આજે પણ પૂજાય છે. આતો પ્રભુજીના અનન્ય ભક્તોની અજોડ અમર ગાથાના ગુણ ગવાય છે.

આજ રીતે પ્રભુજી તો જન્મ ધરી અવિરત આપતો જ રહ્યો છે. આપણા શરીરની દેહધારી પ્રતિક્રિયા અને ખાવાનું, પીવાનું, રહેવાનું, સુવાનું આનો પ્રતસિાદ એટલે જ સરળતાથી વ્યતીત થતું આપણું આ જીવન કુશળ ડોમ રાખે અને દેહમાંથી આત્મા પરલોક ગમન થાય એટલે દેહ નિર્જિવ, અચેતન બને. આ તો પ્રભુજી તરફનો એકધારો પ્રતિસાદ થયો, પરંતુ આપણી પ્રભુ તરફની ભક્તિ વાળવાનો એક માત્ર એક જ ધર્મ છે. પ્રભુજીની સામે આપણા હાથ તો ઠાલા જ પડે, ભક્તિ અને એ પણ અનન્ય ભક્તિ એક માત્ર આપણો ધર્મ છે. ફળ, ફૂલ, મોતીદાણા જેવું અન્ન, હવા, પાણી, સૂર્ય, પ્રકાશ કોઈ પણ ચાર્જ વિના સપ્લાય કરે છે. ફૂલોમાં સુગંધ અને રંગ ભર્યા જ્યારે દાડમના દાણામાં રંગ ભર્યો, રસ ફ્રોઝન કરીને સુંદર રીતે ગોઠવીને ઉપર કવરમાં સુરક્ષિત મૂક્યા, શેરડીનો જ સાંઠો રસથી ભરેલો છતાં તેનો રસ આડો કરો ઉભો કરો ઢોળાય નહી.મર્ચામાં તીખાશ ભરી, સમંદર કીધો ખારો ઉસ, હલદીમાં રંગ ભર્યો સાથે મેડીકલી એસીડ ભર્યા કારેલામાં કડવાશ ભરીને કૌઆ કોયલ કીની કાલી, કોયલકી બોલી મીઠી...ઋતુઓમાં રસ રાજ ભર્યા, રાત કીની અંધિયારી, ટીમટીમતા તારલાકી ચુનરી, બીજલી નર્તન કરત અનેરી, રીમઝીમ બરસતી વર્ષા રાની, આમ પ્રભુની દેણગીની સામે તમારો ધર્મનો ધ્વજ ફરફરતો રાખવાનો છે. અનન્ય ભક્તિ તો [illegible]

નિર્મળ મનની આરાધનાએ પ્રભુજીને રીઝવવાના છે. ભક્તિ ગહેના તન સાજે, મન સાજે માધોં નામે' ભક્તિનું ગહેનું અને માધોંનું નામ જપ, આજના આ કલિકાલમાં એક માત્ર ધર્મનું ફૂટ સ્ટેપ છે. પરંતુ મનની નિર્મળતા સુસંગત રહેવી જરુરી છે. પરંતુ કઠોર મન પ્રભુજીની દેણગી લેતાં એ પવિત્ર રહી નથી શકતું, મારું, તારું અને જુઠાણું એ તો માનવ ધર્મને લજાવે છે. મા કોણ? બાપ કોણ? ઘરડાં માબાપ તો જૂનું ફર્નિચર, એટલી જ ઓળખાણ? તમારું લોહીનું એક માત્ર આચરણ છે. અને એ 'ગણપતિદાદાએ' પ્રદક્ષિણા માતા પિતાની કરીને આદર્શતાનો શુભારંભ દાખવ્યો છે. અનન્ય ભક્તિ આજના કલીકાલમાં, સૂકોમળ કાયાઓને પથ્ય નથી, એટલે નિર્મળ મનની સાત્વિક ભક્તિ જાપ, રૂપે કરવું હિતાવહ છે. અને જીભ જો જાપમાં વ્યસ્ત હશે તો બીજું સારું નરસુ વીસરી જશે. શરીર અને પગ સાથ આપે ન આપે મંદિરની દોટ ન કાઢી શકો, મોટા સ્ત્રોત્ર ગાઈ ન શકો તો જીભ તો મુંગી રહીને પણ જાપ કરી શકશે. પ્રભુના નામનો જાપ અંતિમાએ પણ તમે કરી શકશો. દરેકને સમયનો અભાવ અને જીવન વ્યસ્ત હોય તો પણ જીભને ટેવાડશો તો ફૂરસદની પળમાં પણ તે નામ જપનું સ્મરણ કરતી રહેશે.

એક સંત ગુરૂ મળ્યા, અમે તેમને સત્સંગ કરી બે ચાર બોધ વચનો સૂણાવાની વિનંતી કરી તો તેમને કહયું 'મેં કયા બોધ વચન સુનાઉં, બેટી આપ રોટી બેલતી હો તો જૈસે અપના હાથ હીલે વૈસે આપ મુખસે હરિ નામકા જાપ કરતી રહો. જૈસે રાસ્તેમેં હાથ હિલાતે ચલતે હો વૈસે મુખસે જાપ શુરૂ કર કે ચલતે રહો. 'ઈસીમેં સબકુછ આ જાતા હૈ, હરિ ભી ખુશ ઓર જો રોટી આપ બેલોગે વો ખાને સે સભી સંસ્કારી બનેગે. અજમાયશ કર લેના બેટી.' અને ત્યારથી મને નામ જપનું મહત્વ સમજાયું અને મનને નામ જપથી ટેવાવા

માંડયું. પંચમહાભૂતમાં વસતા પરમ પરમેશ્વર શ્રી સૂરજદેવ, પવનદેવ, જલદેવ, ધરતીમાતા અને અન્નદેવને નમન કરવા અને મનમાં પ્રભુજીનું સ્મરણ અવિરત કરી શકું એવી રીતીએ જીભ ટેવાવા માંડી. ઘણા જણાએ મને પ્રશ્ન પૂછ્યો છે કે તમે મંદિરે કેમ નથી આવતા? કદાચિત ઉપરના સંત શ્રીના બોધ વચનો મારે હૈયે કંડારાઈ ગયા છે અને માની મમતાથી શીખવેલા થોડા શ્લોકો બોલી મનને નિર્મળ ભક્તિમાં રત રાખવા પ્રયત્નશીલ રહું છું. પ્રભુનામની એક શક્તિ, ઉર્જા, જો માનવી મનને મળે તો, મન અને તન ક્ષેમ કુશલ રહે. ખાલી હાથ આવ્યા છીએ, ખાલી હાથ જવાનું, બધું જ જીવનમાં મેળવેલું અહીંયા જ રહેશે. સાથે આવશે તો નિર્મળ મનની આરાધના, અને અનન્ય ભક્તિ ધાર્મિકતાને પથ્ય કરે એવું મન નિર્મળ રાખો...એજ અભ્યર્થના. અજ્ઞાનના અંધકારમાં ધુંધવાય છે ભક્તિ. ભક્તિ તો તારણહાર છે. નમાજનો સમય થતાં ગમે તેવો તાલેવંત પણ રસ્તામાં બેસી નમાજ પઢે છે, નથી જોતો તાપ કે છાંયો, એવી જ રીતે જૈનો પણ કેટલાંય ખમાસણાં દે અને અપવાસ કરે છે. કેટલાય ભક્તો ઉઘાડે પગે વૈશ્નવ દેવીનો પથ કાપી ઉપર દર્શન કરે છે. કોઈ રાતના ચઢાણ કરે, કંઈક ભક્તો અંબાજી,ની પગપાળા યાત્રા કરે છે તો કોઈ પંઢરપુરની યાત્રા ઉઘાડે પગે કરે છે. આપણા લોકો ગિરિરાજની પરિક્રમા કરે છે લીલી યા સુકી, આમ દરેક કોમના લોકો ધર્મના પથ પર ચાલે છે. ભક્તિ એ ભક્તિ જ છે. રાહ જુદા, લોકો જુદા, ગામ જુદા પરંતુ દરેક જણ આખરે તો ઈશ્વરના ભક્ત જ છે. ભક્તિ તરફ સૌનાં મન વળેલાં છે. 'લાલાની સેવા બાલ ભાવે કરે છે. એ દરેક જણ પોતાના મનને ટટોલી જોશો તો સમજાશે બાલ સ્વરૂપની સેવા કરવાં છતાં બાલક જેવી નિર્ણળતા રાખી શકતા નથી. આપણી તુલના અનન્ય ભક્તિ અને નિર્મળતા નિખાલસતા સહ ભક્તિ જેમ બધી નદી સાગરને જ મળે છે. એમ બધાં ધર્મનો રાહી એક જ છે. આપણો પ્યારો પ્રભુજી.

'નામરૂપ જુજવા, અંતે તો હેમનું હેમ છે.' નામ ગમે તે, પ્રભુજી તો પ્રભુજી જ છે. અને એજ આપણો તોલમોલ જરુરથી કરશે જ, ભક્તિના અંચળામાં પાખંડતા, પાશવતાને ન રાખતાં નિર્મળતાને જ વરી રહેજો. પ્રભુ જરુરથી રીઝશે, અજમાયશ કરી જોજો...નાત, જાત, વર્ણ, પ્રભુ કશુંજ જોતો નથી, રઈદાસ ચમાર અને ગોરૌ કુંભાર, રસિદ ખાન મુસલમાન, પ્રભુજી તો ફક્ત નિર્મળ ભક્તિનો તોલ મોલ કરશે. અને એટલે જ ભક્ત કવિએ કહયું છે 'કિયા માપદંડ લાવું..કિયા ત્રાજવે તોલુ..ના ચાવીના તાળુ અનન્ય ભક્તિ અને નિર્મળ મનની ભક્તિ જ પ્રભુજીના ચરણે ધરી દો. તોલ મોલ પ્રભુજી કરશે.

***- ઉષા એસ ધારીયા***

## ભકત ગહેના

ભક્તિ ગહેના તન સાજે, મન, સાજે માધોં નામ
માધોં નામ મોહે મોસે, શ્યામ રંગ મોહે રીઝે...ભક્તિ
સૂર સરી નીકસી મુખે, ગુન ગાવે માધોં નામે
આરત કીરત મુખ ગાવે, મનસુ શ્યામ મેરો રીઝે...ભક્તિ
ભક્તિ ગહેના તન સાજે, મન સાજે માધોં નામ...

***- ઉષા એસ,. ધારીયા***

''માના કિ મધુમાસ દો દિન કે લીયે આતા હૈ.
પતઝડ ભી તો મગર આકે ચલા જાતા ગૈ
સુખ ઓર દુઃખ ભી યું હી આકર ચલે જાતે હૈ.
વક્ત કૈસા ભી હો અય દોસ્ત ગુજર જાતા હૈ.

***બ્રજચરણદાસ ગાંધી - કાનપુર***

# આજની નારી

સવારની 'ચા' પીવાઈ ગઈ તો પણ આજે છાપાવાળો આવ્યો નથી એવા વિચાર કરુ છું ત્યાં તો ડોરબેલ રણકી ઉઠી. છાપુ લેવા માટે જેવો દરવાજો ખોલ્યો તો સામે જ છાપા સાથે ચંપકકાકા ને ઉભેલા જોયા. હજી તો હું કંઈ ક બોલવાની કોશીશ કરું ત્યાં તો તે ઉવાચ.

સુરેશભાઈ! છાપામાં સમાચાર વાંચ્યા?

અમારું છાપુ હજી આવ્યું નથી.

આ તમારુ જ છાપુ છે.

ભુલથી છાપાવાળો તમારે ત્યાં નાખી ગયો લાગે છે.

ના!ના! આ તો ગઈકાલ થી મારા છાપાવાળા ને બંધ કર્યો છે.

કેમ?

તમારી ઘરે છાપુ આવે તે આપણું જ કહેવાયને? તમારુ પેપર વાંચવા માગુ તો તમે મને ના થોડા પાડવાના હતા!

આ તમારો છાપાવાળો આવ્યો કે મેં તેની પાસેથી લઈ લીધું અને બધું વંચાઈ ગયા પછી તમને આપવા આવ્યો છું.

ખેર! વાંચવા જેવું શું આવ્યું છે?

પુરુષોએ પણ સરકાર પાસે મહીલાઓની જેમ ઘરેલું હિંસા કાયદા હેઠળ સંરક્ષણ ની માગણી કરી છે કે એ 'માઈ-બાપ અમને અમારી બૈરીઓથી બચાવો'.

નવા જમાના પ્રમાણે બરાબર છે.

શું? ખાર અને ધૂળ બરાબર છે. ક્યાં પહેલાં ના જમાનાની પડ્યો બોલ ઝીલતી ભારતીય નારી અને આજની પોતાના વરની ધોલાઈ કરતી મોર્ડન જમાનાની નારી. આજની નારી શું પુરવાર કરવા માગે છે. કાકા! આજની નારીઓ હવે પુરુષ સમોવડી બનવા લાગી છે.

એટલે! પુરુષો ને ધમકાવવાના ! મારવાના! અમેરીકામાં તો સ્ત્રીઓ પોતાના પુરુષો ઉપર હાથ પણ ઉપાડે છે એમ મેં પેપરમાં વાંચ્યું છે.

પહેલાના જમાનાની સ્ત્રીઓમાં ભણતર ઝાઝુ ન હતું. તે વખત ના સંસ્કાર અલગ હતા. વાતાવરણ અલગ હતું. તે જમાનામાં ટી.વી. ડીસ્કો ટાઈપ પીકચરો, હોટલો, પબ ન હતા. એટલે તે લોકોની જીંદગી ચારદિવાલોમાં ઘરસંસાર ચલાવવામાં અને વધારવામાં નીકળી ગઈ. આજે સ્ત્રીઓ વધારે જાણતી થઈ ગઈ. પુરુષોની બરાબરી કરવા લાગી, કોરપોરેટ ક્ષેત્રમાં નોકરીઓ કરતી થઈ ગઈ. સોફટવેરમાં માસ્ટર થઈ ગઈ. ધંધામાં ધ્યાન આપવા લાગી અને હવે તો શેરબજારમાં પણ રમતી થઈ ગઈ છે. એટલે તમે એમ કહેવા માગો છો કે પહેલાંની સ્ત્રીઓ બુધ્ધુ હતી. જુના જમાનાની સ્ત્રીઓ ગમે તેટલો મોટો સંસાર હોય તો પણ તે સરળતાથી ચલાવી શકતી હતી. પોતાની સમજશક્તિ થી ઘરમાં શાંતિ જાળવવતી હતી. સુખ:દુખમાં પોતાના ઘરનાઓની સાથેજ રહેતી હતી. આજની આ ભણેલી-ગણેલી નોકરી-ધંધો કરતી સ્ત્રીઓ! ઘર ચલાવતા તો ફેં-ફેં થઈ જાય છે. 'રામા' વગર ચાલતું નથી. લગ્ન થયા પહેલાં જ કહી દે કે હમણાં એક પણ નહિ, કેરીયર બનાવવાની છે. કેરીયર બની જાય પછી એક બે બસ. તમને ખબર છે કાકા કે આજની મહિલાઓ ધંધાદારી જવાબદારી સંભાળતી થઈ ગઈ છે. તે મીટીંગો હેન્ડલ કરતી થઈ ગઈ છે. કંપનીના કામો માટે એકલી એકલી બહારગામ જવા લાગી છે. કીટી-પાર્ટીઓમાં, રેસ્ટોરંટ-બારમાં પણ જવા લાગી છે. પુરુષોની માફક મુક્ત રીતે હરતી-ફરતી થઈ ગઈ છે. એક મહિલા દેશની વડાપ્રધાન બની શકે છે, રાષ્ટ્રપતિ અને મેયર પણ બની શકે છે. રમત-ગમત ના ક્ષેત્રે પણ ડંકો વગાડતી થઈ ગઈ છે.

તમારી વાત બરાબર છે સુરેશભાઈ. જ્યારથી ઈન્દીરાગાંધી તથા સોનિયાગાંધી એ દેશની ધુરા સંભાળી છે ત્યાર થી પુરુષોના દિવસો ખરાબ આવ્યા છે. ટી.વી. ઉપર સ્ત્રી પ્રધાન સિરિયલોનો મારો આવ્યો છે ત્યારથી પુરુષો ઉપર સ્ત્રીઓના ટોર્ચર વધતા ગયા

છે. મુક્ત સ્વભાવ અને આચાર ને લીધે પતિ-પત્નિમાં સંઘર્ષ થવા લાગ્યા છે. બંન્ને ને પોતાના અહંમ ઘવાતા લાગે છે. અને છેવટે વાત આવે છે છૂટાછેડા ઉપર! સ્ત્રીઓ પણ આજકાલ પુરુષો ઉપર પોતાનો માલિકત હક જતાવા લાગી છે. પોતાનું ધાર્યું ના થાય તો ઝઘડા થાય અને ગુસ્સામાં ને ગુસ્સામાં હાથ પણ ઉપાડી બસે. આ રીતે પુરુષનું અહંમ ઘવાતા તે દારૂની લતે લાગી જાય અથવા તો આત્મહત્યા કરવા પ્રેરાય.

કાકા, આજ હાલત આજે મધ્યમ વર્ગમાં પણ થઈ છે. ત્યાં પણ સ્ત્રીઓ દેખાદેખી સ્વતંત્રતા ભોગવતી થઈ ગઈ છે. પતિની કમાણી બચાવવા કરતા ઉડાડતી થી ગઈ છે. બિચારો પુરુષ! નોકરી કરીને માંડ-માંડ બે ટાંટીયા ભેગા કરતો હોય ત્યાં આવા વધારાના ખર્ચા આવે ત્યારે શું થાય? માંય કાંગલો થઈ ગયેલો પુરુષ વધારાના ખર્ચાને પહોંચી વળવા માટે ક્યાં તો કંપનીમાં ગોટાળા કરે, શેર-બજારમાં સટ્ટો રમે. ગમે તેમ કરીને, રાત-દિવસ મહેનત કરીને ખર્ચા પૂરા કરવાની કોશિશ કરે. આખરે થાકેલો પુરુષ દારૂની લતે ચઢી જાય અથવા 'આત્મ હત્યા' કરવા પ્રેરાય.

હાય! બિચારો પુરુષ! પોતાની સલામતી માટે માઈ-બાપ પાસેના જાય તો કોની પાસે જાય?

પેપરમાં આવેલ આંકડા મુજબ વર્ષ દરમિયાન ૫૨,૦૦૦ પુરુષોએ આત્મહત્યા કરી હતી અને તેની સામે ૨૮,૦૦૦ મહિલાઓ એ જ આપઘાત કર્યા હતા! આમ છતાં પુરુષો ને આરક્ષણ નહિ અને મહિલાઓને સંરક્ષણ . આ કયાંનો ન્યાય!

આ એકવીસમી સદીમાં તો પતિ-પત્ની અરસપરસ એકબીજાને સાથ આપીને, હાથમાં હાથ મીલાવીને, એક બીજાને સમજીને રહેશે તો જ ઘર-સંસાર આગળ ચાલશે.

*-સુરેશ. લ. પરીખ.*

**શ્રી મદન મોહનજી કન્ટ્રકશન કંપની**

મોટા મંદિર પાસે, બાલાસિનોર
જુના મકાન ઉંચી કિંમત આપી
ઉતારનાર નવા મકાન બનાવનાર.
નવા મકાન સંપૂર્ણ માલ સામાન સાથે
બનાવીને આપીએ છીએ.
મકાનમાં દરેક જાતનાં રીપેરીંગ કામ કરી
આપનાર (કડીઆ કામ, ઈલેકટ્રીકલ કામ, ઉધઈ
ટ્રીટમેન્ટ, કલર કામ, પ્લમબીંગ કામ)
મકાનમાં ૧૦ વર્ષની ગેરંટી સાથે
ઉધઈ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.
સંતોષકારક કામની ગેરંટી

**સૌમીલ એન. મોદી (ઠાસરાવાળા)**
**Tel : ૦૨૬૯૦૨૬૭૦૨૩ / મોબાઈલ - ૦૯૯૭૪૬૩૪૩૧૩**
**દિલીપ એમ. ધારીઆ (વાડદવાળા)**
**મોબાઈલ - ૦૯૩૨૭૬૮૩૭૩૧**

# ઈશ્વરેચ્છા બલિયસી

ઈશ્વરની ઈચ્છા બલવાન છે, સર્વોપરી છે. આપણે ઈશ્વર પરમાત્મા, ઠાકોરજીના ગુણગાન ગાઈએ છીએ સાથે સાથે કાંઈક ને કાંઈક માંગણી પણ કરી લેતા હોઈએ છીએ. આપણા માંથી અમુક એવા પણ છે જે ઈશ્વરે રચેલી આ સૃષ્ટિથી, તેના દરેક સર્જનથી અને પોતાના વર્તમાન જીવનથી સંતુષ્ટ થઈને રોજ નવી સવારે પરમાત્માનો આભાર પ્રગટ કરે છે, અને ઈશ્વર જે કરે છે તે આ જગતના કલ્યાણ માટે જ છે તેવી સંપૂર્ણ શ્રધ્ધા ધરાવે છે.

ઈશ્વરે જે સૃષ્ટિનું સર્જન કર્યુ છે તેમાં માટી થી લઈને મુલ્યવાન હીરા, તણખલાં થી લઈને વટવૃક્ષ, નાના તળાવથી મહાસાગર, દિવસ-રાત, બદલાતી મોસમો, સૂર્ય-ચંદ્ર, તારાઓ, ઉપરાંત આપણી વૃત્તિઓ જેમકે દુઃખ, પીડા, પ્રેમ, દયા, માયા, મમતા, ક્રોધ વગેરેનુ અસ્તીત્વ તેની કૃપા હોયત્યાં સુધી જ હોય છે. ઈશ્વર તેનુ સર્જન-વિર્સજન, જતન, પોષણ કે વિનાશ પોતાના ધારાધોરણ, પોતાના સુપરકોમ્પ્યુટર થી કરે છે.

આ જગતમાં જે પણ કુદરતી સર્જન છે તેનું વિશિષ્ટ મૂલ્ય હોય છે. ઉદાહરણ લઈએ તો માટી જેવી તુચ્છ વસ્તુનુ આપણે મન કાંઈ મુલ્ય નથી, હીરાનુ મુલ્ય છે. હીરાના દાગીના બહું ધનવાન જ ખરીદી શકે, પણ વાસ્તવિક રીતે જોઈએ તો હીરા વગર આપણું જીવન ચાલી શકે પણ માટી જેવી તુચ્છ જેને આપણે ધૂળ, કાદવ કહીએ આપણા શરીરને લાગેતો સાબુ થી સ્નાન કરીને ચોખ્ખા થઈએ છીએ. આ માટી વગરના જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે. માટીમાં વાવેલ બીજ તેને હજાર કે લાખ ગણું કરીને પરત કરે છે. અનાજ, ફળ, ફુલ, અનેક ધાતુઓ, ફુડ ઓઈલ વગેરે વગર આપણી રોજીંદી જીંદગી શક્ય નથી, આ તુચ્છ જમીન કે માટીમાંથી જ આ મેળવીએ છીએ. તમે આજ રીતે દરેક કુદરતી સર્જનનું મુલ્યાંકન કરશો તો સમજાશે કે કોઈનુ પણ મહત્વ ઓછુ નથી. કોઈ એક વગર આ જગત જીવી શકાય તેવું ન રહે. ઝાડ, પાન, હવા, પાણી, દિવસ-રાત, સૂર્ય, ચંદ્ર, તારા, આપણી વૃતિઓ, આપણા સંબંધો દરેકનો પોતાનો સમય, નિયમીતતા, જગત પ્રત્યેની વફાદારી કોઈપણ પ્રકારના ઈશ્વરીય પ્રયાસ વગર આપમેળે બને છે. તેવું માનવું તે અશ્રધ્ધા નહી પણ નરી મૂર્ખતા છે.

ઈશ્વરની કૃપા પર તે નિર્ભર છે, ઘડી ના છઠ્ઠા ભાગમાં બધું સર્વનાશ થાય છે. આપણે મૃત્યુને રોકી શકવા સમર્થ નથી. માનવ કેટલો અશક્તિમાન છે તે જ્યારે કોઈ ધરતીકંપ કે સુનામી આકાશમાંથી ત્રાટકતી વિજળી ને રોકી શકતો નથી. માનવ પાસે એટલુ જ્ઞાન નથી કે મનુષ્યમાં પ્રેમ, લાગણી, સ્વાદ, સુગંધ, માયા, મમતા, દયા જેવા ગુણોકે વૃત્તિઓનું વૃત્થારોપણ કરી શકે.

ઈશ્વરના પ્રત્યેક સર્જન, સંકેત માટે તેનો આભાર માની, પ્રેમ, દયા, ભક્તિ, સત્યવચનના આધારે જીવન જીવવાની કોશીશ કરીએ તો જ માનવમાં ગણાઈએ એવા જીવનનો સ્વાદ સુરૂચીકર અને આનંદમય હશે અને ત્યારે જ પ્રભુની કૃપાના અધિકારી બનીશું, બાકી 'ઈશ્વરેચ્છા બલિયસી'

## વાડસોલ

વાડસોલના વતની તારા વતનના શા હાલ
હલબલાવે હૈયું મારી ધમધમતી ધરતીનો સુનકાર
હોળી ચકલાના શા હાલ? કબુતર, ચકલાનો ત્યાં વાસ.
મદાની શેરી માં ના મર્દ રહ્યા ના ખડકીના સેવક રહ્યા.
ગોલવાડનાં થઈ ગયા ગુલ, ને ગાંધી ચોકના ગાંધીઓ ગુલ.
પારેખવાડે ના મળે ખારેક, ધારીયાવાડમાં છે બે એક
પાયેગા વિચારે કભી તો આયેગા, કહાં જાયેગા.
પીપળાશેરીમાં પીપળા ઉગ્યાં તે, દેવ શેરીનાં દેવો ક્યાં?
ભાવસાગરની ભાવે પાપડી ને ભાવનગરીના ગોટા.
શાળાએથી ગુટલી મારી ખાતાં ગોરધનકાકાના સોટા
ભમતાં ભીમ ભમરડે ને ચડતાં દેવ ડુંગરીએ
વ્હાલા વાડસોલને ના વિસરીએ,
એવું કેદારેશ્વરને કરગરીએ.

**- *નીતીન શાહ (સેવક)***

# પ્રેમ અને દોસ્તી

મૈત્રીમાં પ્રકટતો પ્રેમ-આ પ્રેમ પ્રકાશ તરફ
શાંતિ તરફ અને ઉંડા આનંદ સુધી લઈ જાય છે.
આવો પ્રેમ ક્યારેય ઉજરડાઓ નથી કરતો.
આવો નિર્મળ પ્રેમ માલિકી હક્કમાં માનતો નથી.
સામેની વ્યક્તીને એ મુક્ત અને મોકળી રાખે છે.
અને જ્યારે એની અભિવ્યક્તિ દૈહિક નજાકતમાં
આવિષ્કાર પામે છે ત્યારે પણ એ પાક-પવિત્ર રહે છે.
કોઈને પ્રેમ કરતા હોવાનાં ખ્યાલમાં ને ખ્યાલમાં
જ્યારે એ વ્યક્તિને સમગ્રપણે પોતાની જ કરવામાં રાચીએ
તો વાસ્તવમાંએ વ્યક્તિને ગળે રૂંપો દઈએ છીએ.
અને પાક મૈત્રીનાં મૂળિયાંજ ઉખેડી નાખીએ છીએ.
એ સાચું છે કે આપણા માટે
સંપૂર્ણ નિઃસ્વાર્થ મૈત્રી નિભાવવી અશક્ય છે
પરંતુ આપણે એ દિશામાં પ્રયત્નતો કરવા જ રહ્યો.
મને હંમેશ એ વાતની નવાઈ લાગે છે કે લોકોનો પ્રેમ
સમયની સાથે સાથે કેમ ઓસરી જાય છે?
રોજ રોજ અને સતત જેની સાથે રહેવાનું હોય એની સાથેનો પ્રેમ
કેમ કરીને સોષાઈ જતો જોવા મળે છે.
મને ખાતરી થઈ ગઈ છે કે આપણે સહુ દંભમાં રાચીએ છીએ.
આપણે એમ માનીએ છીએ કે આપણે એકબીજાને ચાહીએ છીએ.
પરંતુ હકીકતમાં આપણે સ્વયં આપણી જાતના જ પ્રેમમાં હોઈએ છીએ
દરેક વ્યક્તિ અન્ય પાસેથી ઘણું બધું પામવાની આશા રાખે છે.
ખરેખર તો સામી વ્યક્તિ પ્રસન્ન થવી જોઈએ.
દરેક એવી ઈચ્છા રાખે છે કે કોઈક મને આગળ લઈ જાય
મને મદદ કરે, મારી કાળજી લે, મારી પરવા કરે.
અને એના બદલામાં ક્યારેય કોઈને કહે નહિ કે
મારી અંગત બાબતમાં માથું પણ ના મારે.
કશુંક ઓછું પડે અને તરત જ આપણને વાંકુ પડે છે.
આપણી પ્રિય વ્યક્તિ માટે આપણે શું કરી શકીએ કે શું આપી શકીએ?
એનો સહેજ અમસ્તો પણ વિચાર ક્યારેય કરતાં જ નથી.
જ્યારે હોય ત્યારે વગર વિચાર્યે બબડવું ન જોઈએ.
કે તમને તો મારી જરાય પડી જ નથી.
આમ કરતાં પહેલાં વિચારોતો ખરા કે તમે કદિયે
તમારી જાતને કોઈના માટે સર્વ સર્મપિત કરી છે.

***-રાજેશ કડકીઆ***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

નવરાત્રિનો તહેવાર ભારતભરમાં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. મહિલા વિભાગ પણ આ તહેવારની સુંદર રીતે ઉજવણી કરે છે. આ વર્ષે તારીખ ૧૮-૧૦-૨૦૦૮ના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડીમાં નવરાત્રિના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૬૨૫ બહેનો તથા બાળકોએ શ્રી ભરત ડોસાની ઑરકેસ્ટ્રાના તાલે, મન મૂકી નાચી ગરબાનો આનંદ લૂટ્યો હતો.

આ વર્ષે હિંદી વિદ્યા ભવનનું ઓડિટોરીયમ રીનોવેશનમાં હોવાથી આપણા બજેટમાં A.c. હોલ મળવો મુશ્કેલ હતો. પરંતુ આપણી વોલીંટીયર બહેન શ્રીમતી શિલ્પા મયુર કચેરીયાના કાકા શ્રી જીતુભાઈ મશરૂ, જેઓ હાલાઈ લોહાણા મહાજનવાડીના ટ્રસ્ટી છે. તેઓએ શીલ્પાબેનને કારણે ફીમાં અપાવ્યો, જેનું ભાડું રૂા. ૩૧,૦૦૦ છે. આપણા નવરાત્રિ કાર્યક્રમના આયોજનમાં મોટું યોગદાન આપનાર શ્રી જીતુભાઈ મશરૂના ધર્મપત્ની મધુબેન અમારા આમંત્રણનો સ્વીકાર કરી થોડા સમય માટે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. મધુબેન પોતે સામાજીક કાર્યકર્તા છે અને અનેક સંસ્થાઓના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન બની ચૂક્યા છે. આપણા કાર્યક્રમથી તેઓ ખૂબજ પ્રભાવિત થયા હતા. તેમણે કહયું કે મેં ઘણા કાર્યક્રમો arrange કર્યા છે, પણ આટલી મોટી સંખ્યામાં, સુંદર વસ્ત્રો પરિધાન કરી, બાળકોથી માંડી ૭૫ વર્ષ સુધી બહેનોને ગરબે ઘૂમતા પ્રથમવાર જોઈ અને એ પણ શિસ્તબધ્ધ રીતે. અન્ય સમાજની નામાંકિત વ્યક્તિ તરફથી આપણા મહિલા વિભાગની બહેનો તથા બાળકોને મળેલ, સુંદર નવરાત્રિ compliment બદલ મહિલા વિભાગ ગૌરવ અનુભવે છે.

મહિલા વિભાગ તરફથી સહુના પ્રેમના પ્રતિકરૂપે મધુબેનને શ્રી યમુને મહારાણીજીનું સ્વરૂપ શિલ્પા કચેરીયાના હસ્તે આપવામાં આવ્યું હતું. ૧૫''નું શ્રી યમુને મહારાણીજીનું સ્વરૂપ શ્રીમતી મીનાબેન પ્રકાશ કડકીઆ (ધરીવાળા) કાંદીવલીથી અત્રે પધરાવી લાવ્યા હતા. મહિલા વિભાગ શ્રી જીતુભાઈ મશરૂ, શ્રીમતી મધુબેન મશરૂ તથા શ્રીમતી શિલ્પા મયુર કચેરીયાનો હ્રદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમ માટે શ્રીમતી તરૂબેન કીરીટભાઈ મોદી તરફથી મહિલા વિભાગને રૂા. દસ હજાર આપવામાં આવ્યા હતા. નિખાલસ, મોટાઈ અને પ્રશંસાથી સદા દૂર રહેવામાં માનનાર young at heart તરૂબેન અમારી વિનંતીને માન આપી તેઓના શુભ હસ્તે વિજેતાઓને ઈનામો આપ્યા હતા. મહિલા વિભાગ શ્રીમતી તરૂબેન મોદી તથા તેમના કુટુંબીજનોનો હ્રદયપૂર્વક આભાર માને છે.

નવરાત્રિની લ્હાણીમાં રૂા. પાત્રીસ લઈ ત્રણ પ્લાસ્ટિકના Container Spoon સાથે આપવામાં આવ્યા હતા. દિવાળી નજીક હોવાથી લ્હાણીની ડીલીવરી ૧૩ દિવસ પહેલાં લઈ શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી પાસે રહેતા જયાબેન તન્ના (મોના તન્ના)ના ઘરે રાખવામાં આવી હતી. મહિલા વિભાગ જયાબેન તન્ના તથા તેમના કુટુંબીજનોનો હ્રદયપૂર્વક આભાર માને છે.

મહિલા વિભાગનું આ સૌથી મોટું આયોજન હોય છે. ૫૪૧ લ્હાણી હોલમાં લઈ જવાની હોવાથી તેમજ નાસ્તાની તથા અન્ય ગોઠવણ માટે કેટલીક બહેનો

સવારે ૧૦.૩૦ વાગે હોલ પર હાજર થઈ ગઈ હતી. કાર્યક્રમની શરૂઆત બપોરે ૨.૩૦ વાગે ભરત ડોસાની ઑરકેસ્ટ્રાના તાલે કરવામાં આવી હતી. હરીફાઈમાં ભાગ લેનાર બાળકો તથા બહેનોને entrance માંજ નંબર આપવામાં આવ્યા હતા તથા તેમના નામોનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી હરીફાઈ રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા.

નાસ્તાના કાઉન્ટર કાર્યક્રમની શરૂઆતથી જ ચાલુ રાખવામાં આવ્યા હતા. નાસ્તામાં પનીર ઢોકળા, સમોસા ચાટ, કેળાની વેફર તથા કોલ્ડ્રીંક આપવામાં આવ્યા હતા. આપણી વોલીંટીયર્સ બહેનોએ ખૂબજ સુંદર રીતે આ કાઉન્ટર હેન્ડલ કર્યું હતું અને બહેનો તથા બાળકોને પ્રેમપૂર્વક નાસ્તો કરાવ્યો હતો.

જજ તરીકેની કામગીરી દીનેશભાઈ પારેખ તથા સ્નેહલ દોશીએ નિભાવી હતી. બહેનો તથા બાળકોનો પહેરવેશ તથા performance એટલો સુંદર હતો કે ઘણા ઈનામો માટે બે જણ હક્કદાર બન્યા હતા.

વોલીંટીયર્સ બહેનોએ પણ વ્હેલા આવી પોતાને સોંપાયેલી કામગીરી સુંદર રીતે બજાવી આયોજનમાં સાથ અને સહકાર આપ્યો હતો.

મહિલા વિભાગ ફરી એકવાર આ સુંદર આયોજનમાં સાથ આપનાર દાતાઓને વોલીંટીયર્સનો તથા કાર્યક્રમમાં હાજર રહેનાર બહેનો અને બાળકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

ગરબા હરીફાઈના વિજેતાઓના નામોની યાદી નીચે મુજબ છે.

**ગ્રુપ પહેલું ૧૫ વર્ષથી નીચેના બાળકો**

| | Best Performance | Best Dress |
|---|---|---|
| Ist Prize | કોમલ રાકેશ શાહ | ૧) હિયા સમીર ગાંધી |
| IInd Prize | રોહન મોદી, | ૨) કશ્વી સૌમીલ પરીખ, |
| | સેહલ અનીષ શાહ | ૩) કશીશ જીજ્ઞેશ પરીખ |
| IIIrd Prize | નુપુર બકુલ શાહ | ૧) દીયા અનીષ પરીખ, |
| | | ૨) જયવંત કૌશલ શાહ |

**ગ્રુપ બીજુ ૧૬ થી ૩૦ વર્ષ સુધીની બહેનો**

| | Best Performance | Best Dress |
|---|---|---|
| Ist Prize | કોમલ શાહ | મોનાલી કડકીઆ |
| IInd Prize | કીંજલ મીતુલ મહેતા, | સર્જીતા મીતુલ પરીખ |
| | મીલોની પરીખ | |
| IIIrd Prize | પ્રાચી કડકીઆ, | ઝંખના ગૌરાંગ ધારીયા |
| | દીપલ સૌમિલ પરીખ | |

**ગ્રુપ ત્રીજુ ૩૧ થી ૪૫ વર્ષ સુધીની બહેનો**

| | Best Performance | Best Dress |
|---|---|---|
| Ist Prize | અલ્પા સચીન કડકીઆ | નીકેતા મોદી |
| IInd Prize | ૧) રચના પરીખ, | શીતલ ડીંપલ મોદી |
| | ૨) નેહા પરાગ કડકીઆ | |
| IIIrd Prize | ૧) પીંકી સચીત પરીખ, | પ્રતિક્ષા રીપલ ગાંધી |
| | ૨) અમી હીતેશ ધારીયા | |

**ગ્રુપ ચોથુ ૪૬ થી ૫૫ વર્ષ સુધીની બહેનો**

Best Performance

Ist Prize - ૧) મોના દેવેન્દ્ર તન્ના,
૨) બેલા મનોજ કડકીઆ

IInd Prize - ૧) પ્રીતી અમીત ધારીયા,
૨) દીપ્તી નલીન પરીખ

IIIrd Prize - ૧) તૃપ્તિ કેતન ગાંધી

**ગ્રુપ પાંચમું ૫૬ વર્ષથી ઉપરની બહેનો**

Best Performance

Ist Prize - રશ્મિ પરીખ

IInd Prize - પલ્લવી દોશી,
કનક અશોક મોદી

IIIrd Prize - વીણા કીરીટ ધારીયા

આ ત્રણ ઈનામ મેળવનાર બહેનોને શર્મિષ્ઠાબેન ગાંધી તરફથી પણ રૂા. ૫૧/- આપવામાં આવ્યા હતા.

**૪૬ વર્ષથી ઉપરની બહેનો**

Best Dress

Ist Prize - હંસા જયેશ પરીખ

IInd Prize - રેખા શૈલેશ દેસાઈ

IIIrd Prize - રેખા અજીત કડકીઆ

***- મિનોતી શાહ, સંયોજક મહિલા વિભાગ***

## We all should support Raj Thackeray and take his intiative ahead by doing more...

1. We should teach our kids that if he is second in class, don't study harder..Just beat up the student coming first and throw him out of the school
2. parliament should have only Delhiites as it is located in Delhi
3. Prime-minister, president and all other leaders should only be from Delhi.
4. No Hindi movie should be made in Bombay. Only Marathi.
5. At every state border, buses, flights should be stopped and staff changed to local men.
6. All Maharashtrians working abroad or in other states should be sent back as they are SNATCHING employment from Locals.
7. Lord Shiv, Ganesh and Parvati should not be worshiped in our state as they belong to north (Himalayas)
8. Visits to Taj Mahal should be restricted to people from UP only
9. Relief for farmers in Maharashtra should not come from centre because that is the money collected as Tax from whole of India, so why should it be given to someone in Maharashtra ?
10. Let's support Kashmiri Militants because they are right in killing and injuring innocent people for the benifit of their state and community.
11. Let's throw all MNCs out of Maharashtra, why should they earn from us ? We will open our own Maharashtra Microsoft, MH Pepsi and MH Marutis of the world
12. Let's stop using cellphones, emails, TV, foreign Movies and dramas. James Bond should speak Marathi
13. We should be ready to die hungry or buy food at 10 times higher price but should not accept imports from other states.
14. We should not allow any industry to be setup in Maharashtra because all machinery comes from outside.
15. We should Stop using local trains...Trains are not manufactured by Marathi manoos and Railway Minister is a Bihari
16. Ensure that all our children are born, grow, live and die without ever stepping out of Maharashtra, then they will become true Marathi /JAI MAHARASHTRA!

– ***Alpesh N. Shah***

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

*સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ*

# પી.વી. વિદ્યાલય, બાલાસિનોરનું ગૌરવ

- બાલાસિનોર તાલુકાનો શરદ - શિયાળુ રમતોત્સવ તાઃ ૨૦-૮-૦૮ના રોજ શ્રી એલ.કે.આર. પટેલ હાઈ. જેઠોલી ખાતે યોજાયો. જેમાં ખો-ખો(સિનિ વિભાગ) બહેનોની સ્પર્ધામાં પી.વી.વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું અને ખો-ખો (બાળ વિભાગ)માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

D ખેડા જીલ્લા કક્ષાની સિનિ વિભાગની ખો-ખો સ્પર્ધા તા. ૯-૯-૦૮ ના રોજ એચ. એન્ડ. ડી. પારેખ હાઈ. ખેડા ખાતે યોજાયેલ. જેમાં પી.વી. વિધાલયની પોકાર હેતલ. એન ઉત્કૃષ્ઠ દેખાવ કરી રાજ્ય કક્ષાની ખો-ખો ટીમમાં પસંદગી પામવા બદલ શાળાના આચાર્ય શ્રીનીરૂબેને અભિનંદન પાઠવ્યા. વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ પટેલના માર્ગ દર્શન અને પ્રેરણા પુરી પાડી.

D તા. ૨૯-૮-૦૮ના રોજ તાલુકા કક્ષાની વોલીબોલ સિનિ. વિભાગની સ્પર્ધા શ્રી ઓ.શેઠ હાઈ. બાલાસિનોર ખાતે યોજાયેલ જેમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનુ ગૌરવ વધારેલ છે.

D બાલાસિનોર તાલુકાનો એથ્લેટીક્સ રમતોત્સવ કે.એન. હાઈ. ખાતે તા. ૧૬-૯-૦૮ના રોજ યોજાયો. જેમા બાળ વિભાગમાં પી.વી.વિધાલયની મહેરા જ્યોતીકા. એ. ૧૦૦મી. દોડમાં પ્રથમ અને ચક્રફેંકમાં દ્વિતિય, તડવી વનીતા. જી. ૪૦૦ મી. દોડમાં પ્રથમ, ગઢવી જાનલ.એ.૬૦૦મી. દોડમાં પ્રથમ અને ૮૦મી. વિઘ્નદોડમાં દ્વિતિય, પટેલ દીપ્તી. એમ.લાંબીકૂદ અને ઉંચીકૂદમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

D એથ્લેટીકસ રમતમાં જુનિયર વિભાગમાં ઠાકોર શીતલ.કે.૧૦૦મી.દોડમાં પ્રથમ, લાંબીકૂદમાં પ્રથમ અને ઉંચીકૂદમાં પ્રથમ, કોટવાલ ધર્મિષ્ઠા.કે.૪૦૦મી.દોડમાં પ્રથમ, ઠાકોર ઉર્મિલા.જે.૮૦૦મી. દોડમાં દ્વિતિય, ભોઈ રંજન.ડી.૧૫૦૦મી.દોડમાં પ્રથમ, ઠાકોર.જ્યા.ડી. ૩૦૦૦મી.દોડમાં દ્વિતિય ઠાકર અવની.એન.ચક્રફેંકમા દ્વિતિય. ગાંધી કામીની.એ.બરછીફેંકમાં પ્રથમ, ૪-૧૦૦મી.રીલે દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

D સિનિયર વિભાગમાં ધોબી પ્રિતી.આર.૧૦૦મી.દોડ અને ૨૦૦ મી.દોડમાં પ્રથણ,ચૌહાણ કુંદનદેવી.બી.૮૦૦મી દોડ અને ૧૫૦૦મી.દોડમાં પ્રથમ. પોકાર હેતલ.એન.ગોળાફેંક અને ચક્રફેકમાં પ્રથમ તથા બરછીફેંકમાં દ્વિતિય તેમજ ૪-૧૦૦મી.રીલે દોડમાં પ્રથમ સ્થાન મેળવી શાળા અને નગરનું ગૌરવ વધાર્યું છે.

# શ્રી ઠાકોરજીની કિર્તનાવાલી

## પુસ્તકનું વિતરણ તા. ૧૦-૧૨-૨૦૦૮ થી થશે.

સર્વ પુષ્ટિમાર્ગીય બાલાસિનોર વૈષ્ણવ જોગ -

સર્વ પુષ્ટીમાર્ગય બાલાસિનોર વૈષ્ણવ જોગને નમ્ર વિનંતી સાથે સહર્ષ જણાવતા આનંદ થાય છે કે શ્રી ઠાકોરજીને જગાડવાથી પોઢાઢવા સુધીના પદ તથા તેના ભાવાર્થ સાથે પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. તે પુસ્તક ઘર દીઠ એક આપવાનું છે. તો આ સાથે છાપેલી કાપલી ઓરીજીનલ લઈને તથા તેમાં ૨૦૦૩ ના વસ્તી પત્રક ક્રમાંક ને લખીને આવશે તેને નીચે લખેલા સ્થળેથી પુસ્તક મેળવવાનું રહેશે.

**પુરુનામ:**______________________________

**વસ્તી પત્રક ક્રમાંક :** ______________________________

**(૧) જોગેશ્વરી થી વિરાર સુધી**

**મે. અર્પણ ડેવલોપર્સ :** અંજના એપાર્ટમેન્ટ નં-૧, શોપ નં.-૨, ગ્રાઉન્ડ ફલોર, સોનીવાડી પહેલા શિમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨. સમય : ૨ થી ૬

**(૨) અંધેરી થી માટુંગા સુધી**

**શ્રી હિતેષ કાન્તીલાલ શાહ (ડામરવાળા) :** ૬૦૧, શ્રીજીહીરલા એ, ૫ મે માળે, દ્વારકાધીશ હવેલીની સામે. તેજપાલ રોડ, (વી.એસ. ખાંડેકર માર્ગ), વિલેપાર્લે (ઈસ્ટ), સમય : ૨ થી ૫

**(3) દાદર થી મુંબઈ**

**(અ) મે. એસ.એ. એન્જીનીઅરીંગ કોર્પોરેશન :** ૧૩૩, નારાયણ ધુરૂ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩. સમય : ૪ થી ૬

**(બ) શ્રી રસિકલાલ કોદરલાલ શાહ :** નિર્મલ નિવાસ નં.-૨, ગ્રાઉન્ડ ફલોર, બ્લોક નંબર-૫, ૭૯/૮૧, ઓગસ્ટ ક્રાંતી માર્ગ, ગોવાલિયા ટેન્ક, મુંબઈ - ૪૦૦ ૦૩૬.

**ખાસ નોંધ : આ પુસ્તક વિતરણ યોજના ૩૧ ડિસેંબર ૨૦૦૮ સુધી જ છે.**

*- સુધિર ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા)*

# Result of Indoor Games Tournament for the Year 2008-2009

**Result of Jr. & Sr. Carrom (Gents)**

**I. Jr. Single**

(1) Aman Manoj Kadakia (2) Purav Viral Ghandhi (3) Prerak Gandhi

**II. Jr. Double**

(1) Prerak Viral Gandhi - Perth Bhavesh Modi (2) Purav Viral Gandhi - Harshil J. Kadakia (3) Aman Manoj Kadakia - Yash Saumit Modi

**III. Sr. Single**

(1) Devang Parikh (2) Bhavik Dharia (3) Rajesh Dharia (4) Anup Mehta

**IIII. Sr. Double**

(1) Anup Suresh Mehta - Bhavik Rajesh Dharia (2) Ajit Natwarlal Modi - Shashi N. Modi (3) Devang Parikh - Manoj Kadakia (4) Rajesh Dharia - Rohan Desai

**Result of Ladies Carrom**

**I. Carrom Single (Ladies)**

(1) Shefali Kadakia (2) Roma Manoj Kadakia (3) Pratiksha Ghandhi (4) Shefali Mitul Shah.

**II. Carrom Double (Ladies)**

(1) Roma Manoj Kadakia - Disha Uday Shah (2) Pratiksha Gandhi - Shefali Mitul Shah (3) Shefali Kadakia - Niyati Gandhi (4) Chandra Parikh - Varsha Ashok Shah.

**III. Carrom Double (Ladies)**

(1) Disha Uday Shah - Saishav Uday Shah (2) Shefali Kadakia - Jignesh Kadakia (3) Roma Manoj Kadakia - Manoj Kadakia (4) Aman Manoj Kadakia - Niyati Gandhi.

**Result of Superhit Mukabala (Carrom)**

(1) Rajesh Dharia - Bhavik Rajesh Dharia (2) Uday Shah - Saishav Uday Shah (3) Nilesh Gokuldas Parikh - Prajal Parikh (4) Devang Parikh - Chandra Parikh.

**Result of Chess**

**I. Chess (Jr.)**

(1) Dhruvin Sachin Kakadia (2) Purav Viral Ghandhi (3) Vrushank Sachin Kadakia (4) Prerak Viral Ghandhi.

**II. Chess (Sr.)**

(1) Viral Kiran Ghandhi (2) Bhavik R. Dharia (3) Sagar Pradeep Kadakia (4) Sachin Ramesh Kadakia.

**Result of Tables Tannis**

**I. Tables Tennis (Sr.) (Gents)**

(1) Ketan R. Ghandhi (2) Parag Kadakia (3) Utshav P. Modi (4) Jatin Kadakia.

**II. Table Tennis (Jr. Gents)**

(1) Purav Viral Gandhi (2) Karan Kadakia (3) Vrushank S. Kadakia (4) Yash saumil Modi.

**I. Badmintion (Ladies)**

(1) Ruchi V. Sethna (2) Alpa Sachine Kadakia (3) Ragini Sethna (4) Pratiksha Ghandhi.

**II. Badmintion Gents Sr.**

(1) Ronil Nikhil Parikh (2) Vishawas Sethna (3) Utsav P. Modi (4) Nilesh Gokaldas Parikh.

**III. Badmintion Jr. Gents**

(1) Vrushank S. Kadakia (2) Purav viral Gandhi (3) Pranav Gandhi (4) Dhruvin Kadakia.

**Note : Prize distribution date will be declared later on.**

***- Convener - Ajit N. Modi,***
***Mantri - Manjul Dharia***

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

## -: વાર્ષિક સામાન્ય સભા તથા દાતાઓનો સન્માન સમારંભ :-

તા. ૨૧.૯.૨૦૦૮ના દિવસે કે. સી. કોલેજના ઓડીટોરીયમમાં સવારે ૯.૩૦ કલાકે મંડળના પ્રમુખ શ્રી વસંતભાઈ પરીખ તથા દાતા શ્રી નગીનભાઈ પારેખના હસ્તે દીપ પ્રગટાવી સમારંભની શરૂઆત થઈ. ભક્તિ ગીત નીશાદેસાઈ, સોહીણી કડકીઆ અને અસ્મીતા દોશીએ સંભળાવ્યું. રીમા દેસાઈ તથા તેના સાથી કલાકારોએ જુના તથા નવા ગીતોના સથવારે લગભગ એક કલાક મનોરંજન પીરસ્યું.

સન્માનનીય દાતાઓ શ્રીમતી મધુકાન્તા નગીનદાસ પારેખ ચેરી.ટ્રસ્ટ, શ્રીમતી કલ્પના અરવિંદ ધારીઆ (કુણીવાળા), શ્રી પરાગ સતીષચંદ્ર પરીખ, શ્રી જીતેન્દ્ર ચી. કડકીઆ (બનડા), શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દાતાઓને મોમેન્ટો આપ્યો પ્રમુખશ્રીએ તથા શાલ ઓઢાડી મંડળનાં અન્ય હોદ્દેદારોએ દાતાઓનો સુંદર પરીચય આપ્યો શ્રીમતી નીશા દેસાઈએ. આખા પ્રોગ્રામનું સંચાલન કર્યુ શ્રી નિખીલ પરીખ (લાય)એ.

વાર્ષિક સામાન્ય સભાનું સુકાન પ્રમુખ શ્રી વસંત પરીખે સંભાળ્યું. મંડળની ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન તથા વાર્ષિક અહેવાલ મંત્રી શ્રી દક્ષેશ કડકીઆએ રજુ કર્યો. ઓડીટેડ હિસાબો ખજાનચી શ્રી કીર્તીભાઈ દેસાઈએ રજુ કર્યા. ઓડીટરની નિમણુંક ઠરાવ પસાર કરવામાં આવ્યો.

નીચે મુજબના સાત સભ્યોને બીન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં. યોગેશ ર. ધારીઆ, શીરીષ જ. પરીખ (ચા ગરમ), સૌમીલ જી. મોદી, શરદ ન. દોશી, રસીકલાલ એન. દેસાઈ, કીરીટ ર. કડકીઆ (મલમ), ધીરૂભાઈ આર. શેઠ (અત્તરવાલા), ચંદ્રેશ પ્ર. કડકીઆ (ખીસાદાર), શ્રી રજનીભાઈ કડકીઆ (લટકારી) એ ચૂંટણી પંચના અધ્યક્ષની જવાબદારી સ્વિકારી હતી.

ટ્રસ્ટની ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્ય નોંધનું વાંચન તથા વાર્ષિક અહેવાલ મંત્રી શ્રી પંકજ ધારીઆએ રજૂ કર્યાં. હિસાબો ખજાનચી શ્રીમતી સોહીણી કડકીઆએ રજુ કર્યા.

પ્રમુખ સ્થાનેથી સભ્યોના આવેલા સૂચનોની નોંધ લેવામાં આવી હતી. પ્રમુખ શ્રી વસંત પરીખની ટમ પૂરી થતાં તેમના પ્રવચનમાં મંડળ અને ટ્રસ્ટની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી.

પ્રમુખ શ્રી વસંત પરીખ વિશે શ્રી નિખીલ પરીખે ટુંકમાં ઘણું બધુ કહ્યું હતું.

મંડળ તથા ટ્રસ્ટની પહેલી કારોબારીની સભાનું પ્રમુખ સ્થાન શ્રી પ્રવીણચંદ્ર ઓ. દેસાઈ (દેડકી) એ સંભાળ્યું.

નિચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ (પ્રમુખ), શ્રી જતીન નવનીતલાલ દેસાઈ (ઉપપ્રમુખ), શ્રી પંકજ કાંતીલાલ ધારીઆ (લાલખાં) (ઉપપ્રમુખ), શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ (લટકારી) (મંત્રી), શ્રીમતી સોહીણી યોગેશ કડકીઆ (મંત્રી), શ્રી પરેશ રસીકલાલ પરીખ (દુધવાલા) (ખજાનચી), શ્રી ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ (ખીસાદાર) (ખજાનચી).

મંડળના સભ્યો ટ્રસ્ટના સભ્યો ગણાશે અને બેંકોના ઓપરેશનોનાં ઠરાવો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

બે કો-ઓપ્ટ સભ્યો શ્રી મંજુલ શૈલેષ ધારીઆ અને પ્રવીણચંદ્ર કો. શાહની નિમણુંક કરવામાં આવી હતી.

મંડળ સંચાલિત અન્ન સહાય સમિતિ શ્રી રજનીકાંત કડકીઆ (લટકારી), જીવન નિર્વાહ સમિતિ શ્રી વિરેન્દ્ર ક. ગાંધી (સુરતી), લગ્ન રાહત યોજના શ્રી રસીકલાલ એમ. લાકડાવાળાની કન્વીનર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. ટ્રસ્ટના ગર્વનીંગ કાઉન્સીલના અધ્યક્ષ તરીકે શ્રી પી. કે. શાહ, મેડીકલ રીલીફના કન્વીનર તરીકે શ્રી કૌશીકભાઈ કડકીઆ, સુપ્રીટેન્ડન્ટ તરીકે ડૉ. અક્ષય સેવક તથા સેનટરના એડમીસ્ટ્રેટર તરીકે શ્રીમતી કીન્નરી સેવકની નિમણુંક કરવામાં આવી હતી.

મિટીંગ પત્યા પછી સૈવ્છીક ભોજનને ન્યાય આપવામાં આવ્યો હતો.

*- માનદ મંત્રીઓ -*

***શ્રી દક્ષેશ કડકીઆ, શ્રીમતી સોહીણી કડકીઆ***

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
## આયોજીત એક દિવસીય ધાર્મિક પર્યટન

તારીખ ૧૨-૧૦-૨૦૦૮ રવિવારના રોજ ઉપરોક્ત સમાજ તરફથી ગોવર્ધનનાથજી હવેલી વાશી નવી મુંબઈ ખાતે એક દિવસીય ધાર્મિક પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૬-૪૫ કલાકે ચોપાટી બેન્ડ સ્ટેન્ડથી બસ ઉપડી હતી. સર્વે વૈષ્ણવોએ હવેલીમાં મંગલા શણગાર તથા રાજભોગના દર્શનનો લાભ લીધો હતો.

શણગારના દર્શન બાદ શ્રી હરીશભાઈ માધાણીએ ભજન કીર્તન ની રમઝટ અને ધૂન જમાવી હતી. જેમાં મિનોતી શાહ, બેલા કચેરીયા, નૈના દેસાઈ, દિપ્તી મહેતા તથા અન્ય વૈષઅણવોએ સુંદર સુર પૂરાવ્યો હતો.

હવેલીમાં દર્શન તથા પ્રસાદની વ્યવસ્થા ભાઈશ્રી મનોજભાઈ કચેરીયાએ સંભાળી હતી. સૌ વૈષ્ણવોએ ભાવ અને ભક્તિ પૂર્વક દર્શન કર્યા હતા તથા પ્રસાદ લીધો હતો.

હવેલીની નજદીકમાંજ ભાઈશ્રી અશોકભાઈ પરીખ (તાત્યા)ના નિવાસસ્થાને સવારે મંગળાના દર્શન બાદ રાહુ વૈષ્ણવો પધાર્યા હતા. તેમના કુટુંબીજનો તરફથી સૌ વૈષ્ણવોને ટુવાલની પહેરામણી આપવામાં હતી.

શ્રી વાડાસીનોર ગોકુલેશ સમાજના મંત્રી શ્રી બીપીન કીરતનલાલ દોશીએ મનોજભાઈ, અશોકભાઈ અને હરીશભાઈનું ઉપરણા ઓઢાડી સન્માન કયું હતું.

બપોર પછી સેન્ટવન મોલની મૂલાકાતે સહૂ ગયા હતા. અને આમ ધાર્મિક પર્યટનનો આનંદ માણી સહુ સાંજે પાછા ફર્યા હતા.

***લી. વાડાશીનોર ગોકુલેશ સમાજ તરફથી***

***મંત્રી - શ્રી બીપીન કીરતનલાલ દોશી***



# હાસ્ય-ઝરણુ

સ્વીટીએ મુંબઈના મરીન લાઈન્સની પાળી ઉપર બેસતાં બેસતાં પ્રેમી સંજયને પૂછ્યું...'લગ્ન પછી પણ મને આવો જ પ્રેમ કરતો રહીશ ને ?

'હાસ્તો-સંજયે જવાબ આપ્યો, તારા પતિને વાંધો નહિ હોય તો.

જ જ જ જ

પતિ : **Wife** નું ફુલ ફોર્મ જાણે છે.

**Without information fighting Every time**

પત્ની : તને શું ખબર એનું ફૂલ ફોર્મ છે..

**Without Indication favoring everytime.**

જ જ જ જ

પ્રશ્ન :- લવમેરેજ તથા અરેન્જડ મેરેજમાં શું ફેર ?

ઉત્તર – અરેન્જડ મેરેજ એ સામુહિક થતી હત્યાં છે અને લવમેરેજ આત્મહત્યા.

જ જ જ જ

પત્ની (મરણ પથારીએ) : મેં તને જીવનમાં બહુ પરેશાન કર્યો મને ક્ષમા કરજે.

પતિ :- ભલે, ક્ષમા કરુ છુ.

પત્નિ : તારા ફ્રેન્ડ સાથે મારે સંબધ હતો, પણ મોટું મન રાખીને મને ક્ષમા કરજે.

પતિ : ભલે, ક્ષમા કરી દઈશ.

પત્નિ : મારા સાસુને...

પતિ :- હા, હા બધામાં ક્ષમા કરીશ, પણ મેં તને હમણાં પીધી એ કોફીમાં ઝેર- નાખવા બદલ તું પણ મને ક્ષમા કરી દઈશને ?

જ જ જ જ

પતિ : એક વાર ઉત્સાહમાં આવીને પત્નિના ખોળામાં સૂઈ ગયો.

પત્નિ : મારા ખોળામાં સૂતા છે તો કેવુ લાગે છે.

પતિ : વિષ્ણુ શેષનાગ પર સૂતા હોય એવું.

***સંકલન - હિતેન ચુનીલાલ પરીખ (લાય)***


# દિવાળી

જગમગ જગમગ થતી આવી દિવાળી
લાઈટોની રોશનીઓ સાથે લાવી દિવાળી
આસો પાલવના તોરલ બંધાયા
આગણામાં રંગોળી પુરી
બારીએ ને બારણે દીવડા પ્રગટાવી
જગમગ જગમગ જ્યોતિ સાથે આવી દિવાળી
મેવા મીઠાઈ ખાતા જાય
ફટાકડા ફટ ફટ ફોડતા જાય
બાળકોને મોટેરા ઓ માટે હરખે આવી દિવાળી
ધનતેરસમા ચોપડા લેવાય
મુહૂર્તમાં ધનપૂજન થાય.
કાળી ચૌદશના દિવસે સાંજે કકરાટ કઢાય
લક્ષ્મી પૂજન ચોપડા પૂજન શારદા પૂજન થાય
સાથે પ્રેમથી બોણીઓ અપાય
નૂતન વર્ષે પહેલાં મંદિરે જવાય
મુહૂર્તમાં મિતિઓ નંખાય
સાલ મુબારક સાલમુબારક હેપી ન્યૂઅર
નાના મોટા સૌને કહેવાય
સાંજે મંદિરમાં અન્નકુટ ધરાય
ભાઈબીજ નો મહિમા છે મોટો
જુમનાજીમાં સ્નાન પામ ભાઈ બેન સાથે કરે.
તેના સર્વ પાપ ધોવાય જાય
એકાદશીથી લાભ પાંચમ સુધી દિવાળી ઉજવાય
વેરઝેર ભૂલી પ્રેમ ભાવથી
ઘેર ઘેર આનંદ સાથે
દિવાળી ઉજવાય.


***- રૂપલ રંજનીકાન્ત પરીખ (કાંદિવલી) વડદલાવાળા***

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| **Kids Course above 9 yrs** | **40 hours** | **1500** |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER**
**SOFTWARE ACADEMY**
**15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915**

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO,** : Room No 12/5 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંયોજક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ચાલુ વર્ષ દરમ્યાન ૫મી બેઠક તા. ૨૧-૧૦-૨૦૦૮ સાંજે ૭.૧૫ કલાકે સંસ્થાના કાર્યાલય ( શ્રી મોહનલાલ સાકરલાલ શાહ, ઝાટ સભાગ્રહ) ખાતે નીચે જણાવેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા હેતુસર બોલાવાઈ હતી.

બેઠક સંઘના પ્રમુખ શ્રી પ્રદીપ કડકીઆના પ્રમુખ સ્થાનેથી મળી હતી. તેઓએ નીચે મુજબ ના મુદ્દા રજુ કર્યા હતા.

ચાલુ વર્ષની ૪થી બેઠકના અહેવાલનું વાચન સંઘના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ વાચી સંભળાવ્યુ હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ક્રીકેટના સંયોજક શ્રી કીંજલ પરીખ એ અહેવાલ રજુ કર્યો હતો તેમને જણાવેલ કે આ વર્ષ બાલાસિનોર થી આવેલ સર્વોદય અને બાબી ટીમ જાન્યુઆરીમા ૨૦,૨૧,૨૨,૨૩, એ હીન્દુ જીમખાના ખાતે રમાશે.

વસ્તી પત્રકના પ્રસાશન અંગે શ્રી જાસ્મીન શેઠ એ જણાવેલું કે આ વર્ષે પ્રીન્ટીંગનું કામ લોહાણા હીતેચ્છુ મંડલ ને આપવાનું નક્કી કરેલ છે.

રસોત્સવના સંયોજક શ્રી સૌમિલ મોદી એ જણાવેલું કે આ વર્ષે નાટક 'ગોળ ધાણાની ગોલમાલ' તા. ૧૬-૧૧-૨૦૦૮ના રોજ યોજાશે તેની ટીકીટો તા. ૯-૧૧-૨૦૦૮ના રોજ લાડની વાડી સી.પી.ટેન્ક ખાતે યોજાશે.

સાત નવી આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી જેને મંજુર કરાઈ હતી.

પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત કરાઈ હતી.

***સહમંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી***
***મંત્રી શ્રી મંજુલ શૈલેશ ધારીઆ.***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **ગુણવંતલાલ ઓચ્છલાલ શાહ**
પહેલે માળે, સી-૧૪, મોદી નગર,
આર્દશ કો.ઓપ. સોસાયટી લી.,
મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭
ફોન : ૨૮૬૨૭૭૧૮,
બાલાસિનોર-૦૨૬૯૦-૨૬૬૧૩૮

૨. **દીપેશ અજીત મોદી - અજીત નટવરલાલ મોદી**
જે/૧૬૭, પહેલે માળે, મોહન નગર કો.ઓપ. સોસાયટી,
દહાણુકરવાડી, ઓફ દત્તમંદિર રોડ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.

૩. **સંજીવ દીનકરલાલ પરીખ**
૨૦૧, ગાલા ટાવર્સ, ક્રાન્તિવીર બાલમુકુંદ માર્ગ
જયહિંદ ટોકીઝની સામે, ચીંચપોકલી (પુર્વ), મુંબઈ -૧૨
મો.-૯૮૬૯૪૩૬૧૮૦/૯૮૨૦૨૩૬૧૮૩

## તેજસ્વી તારલા

૧. **રૂપલ અજીત નટવરલાલ મોદી** એ **Diploma in Financial Management** માં 62.5% "A" Grade મેળવીને ઉત્તીર્ણ થયા છે.

૨. **નીમિત કૌશિક શાહ (ઉજડાવાળા)** એ B.E. (Information Technology) માં ફસ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે 73.00% મેળવીને ઉત્તીર્ણ થયા છે. વધુ અભ્યાસ માટે અમેરીકા ગયા છે.

૩. **નીમેશ એસ. શાહ** એ IIM Calcutta માંથી Senior Management Program માં ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.

સંસ્થાવતી સૌને અભિનંદન.

## મૃત્યુ નોંધ

કાંતીલાલ મગનલાલ શાહ (ગુંથલીવાળા) ૯૦

પ્રભુ તેમના આત્માને ચિરઃશાંતિ અર્પે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**(ઉપનગર વિભાગ), સહર્ષ યોજે છે 'નાટક'**

## નવુ નાટક

સ્થળ :- દિનાનાથ મંગેશકર હોલ

વિલેપાર્લા (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦૦૫૭

**સમય : સવારના ૯.૩૦ કલાકે, તારીખ :- ૨૧-૧૨-૨૦૦૮**

**ટીકીટના દર : અપર સ્ટોલ રૂા. ૩૦ /- , બાલકની રૂા. ૨૦/-**

ટીકીટ વેચાણની તારીખ ૭-૧૨-૨૦૦૮ સવારના ૧૦.૦૦ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યાસુધી.

**ટીકીટ મેળવવનાના સ્થળ :-**

**(૧) ગાંધી નીમિષ બાબુલાલ (પાકા)**, બી-૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, ૩જે માળે, શંકર ગલી, કાંલિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭, ટે.ન. ૨૮૦૭૬૧૮૮

**(૨) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ**, C- ૩૦૨, સુમેર નગર, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), ટે.ન. ૨૮૦૫૦૭૩૫

**(૩) ધારીઆ કલ્પેશ કીંતનલાલ**, બી.૪૫, ભાગ્ય એપાર્ટમેન્ટ, ૪ થે માળે, ભરડાવાડી, ઓફ જે.પી.રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮.

**(૪) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**, ૧૧૮/૧૨૦ અરદેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૪

**મુંબઈમાં ટીકીટનું વેચાણ તા. ૮-૧૨-૨૦૦૮ સમય ૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી**
**સ્થળ :-**

**(૧) કડકીયા ગોપાલ રમણલાલ**, એલાઈટ ઈલેક્ટ્રીક કુ., ૨૯-બી ભાંગવાડી બીજેમાળે, કાલબાદેવી રોડ મુંબઈ ૪૦૦૦૦૨, ટે.ન. ૨૨૦૮૯૧૩૮

**(૨) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ**, શાહ એજી. એન્ડ ઈકવીપમેન્ટ કુ., ૬૪ નાગદેવી સ્ટ્રીટ મુંબઈ ૪૦૦૦૦૩, ટે.ન. ૨૩૪૪૭૩૮૨

નોંધ આ પ્રોગ્રામ ફક્ત બાલાસિનોર વાસીઓ માટે મર્યાદીત છે.

| પ્રમુખ | મંત્રી | સંયોજક |
|---|---|---|
| શ્રી પ્રદીપ કડકીઆ | શ્રી મંજુલ ધારીઆ | શ્રી નિમિષ ગાંધી |